સુવિચાર
''રાજનેતા રાજ માટે જનેતાની ભૂમિકાએ પહોંચશે ત્યારે રામરાજ્યની સ્થાપના થશે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૫/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ સુદ-૮ વર્ષ : ૧૭ અંક : ૧૩૬

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## અમરેલી, લાઠી, રાજુલા, સાવરકુંડલા સહિત દરેક શહેરોમાં ખેડૂતોમાં રોષ

# અમરેલી જિલ્લામાં ખેડૂતો ડીઝલની અછતથી ત્રાહીમામ થયા

વાતાનુકુલિન કચેરીમાં બેસીને અધિકારીઓ ડીઝલની કોઈ અછત નથી તેવું જણાવે અને વાસ્તવિકતા અતિ કપરી

ડીઝલનાં અભાવે ખેતીકાર્યમાં વિક્ષેપ ઉભો થશે તો અનાજની પણ તંગી ઉભી થશે

પદાધિકારીઓ અને અધિકારીઓ ડીઝલ અંગે ખેડૂતોને ખરી હકીકત જણાવતાં નથી

સરકારનાં દાવાઓ અને વાસ્તવિકતા વચ્ચે વ્યાપક પ્રમાણમાં અંતર જોવા મળી રહ્યું છે



અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણાં દિવસોથી સર્જાયેલી ડીઝલની અછતના કારણે ટ્રાન્સપોર્ટ વ્યવસાય, પેસેન્જર વાહનો તેમજ ખેતીકામ સાથે જોડાયેલા ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અમરેલી, ધારી, સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, વડીયા અને બગસરા બાદ હવે લાઠી ગામે પણ ડીઝલ માટે પેટ્રોલ પંપ પર ટ્રેક્ટર અને વાહનોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. ત્યારે એરકંડીશન ઓફિસમાં બેસી સબ સલામતના ગાણા ગાતા અધિકારી સહિતના લોકોનું મૌન ખેડૂતોને અકળાવે છે.

લાઠી ગામના પેટ્રોલ પંપ પર આજે વ્હેલી સવારે ડીઝલનો જથ્થો આવી પહોંચતા જ વ્હેલી સવારથી ખેડૂતો ટ્રેકટરમાં કેરબા લઈ લઈને ડીઝલ મેળવવા માટે ઉમટી પડયા હતા. કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા છતાં ખેડૂતોને માત્ર એક હજાર રૂપિયાનું જ ડીઝલ આપવામાં આવતું હોવાના આક્ષેપો ઉઠયા છે.

ખેડૂતોનું કહેવું છે કે ખેતીની સીઝન દરમિયાન ડીઝલની ભારે જરૂરિયાત હોય છે, પરંતુ ડીઝલ તથા ખાતરની અછતના કારણે ખેતીકામ

અનુસંધાન પાના ૬ ઉપર

## જાગૃત નાગરિક ભૂપતભાઈ ખુમાણની આગેવાનીમાં જિલ્લા કલેકટરને રજૂઆત

# બાબરાનાં મોટા દેવળીયા, ધરાઈ ગામને નર્મદાનાં પાણી, માર્ગો, પુલ સહિતનાં પ્રશ્ને સતત અન્યાય

## ૧૦ દિવસમાં પાયાની સુવિધા આપવામાં ન આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી

બાબરા, તા. ૨૨

બાબરાનાં મોટા દેવળીયા ગામનાં જાગૃત નાગરિક ભૂપતભાઈ ખુમાણની આગેવાનીમાં ગ્રામજનોએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત સરકાર ધ્વારા ''સૌની યોજના'' હેઠળ નર્મદાના નીરને સૌરાષ્ટ્રના ગામડા સુધી પહોંચાડવાના જે દાવા કરવામાં આવ્યા હતા તે દાવાઓ આજે દેવળીયા અને ધરાઈ ગામ માટે ખોખલા સાબિત થઈ રહ્યા છે. ગ્રામજનો છેલ્લા અંદાજે ચાર વર્ષથી પાણી જેવી જીવનજરૂરી સમસ્યાને લઈ સતત રજૂઆતો કરી રહ્યા છીએ છતાં અમારી વ્યથા સાંભળવામાં આવતી નથી.

વધુમાં જણાવેલ છે કે, ધરાઈ અને મોણપુર વચ્ચે પસાર થતી સૌની યોજનાની પાઈપલાઈનમાં જેમ મોણપુર ગામ માટે વાલ્વ ફિટ કરવામાં આવેલ છે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

તેવી જ રીતે મોટા દેવળીયા અને ધરાઈ ગામના તળાવમાં પાણી પહોંચે તે માટે પણ વાલ્વ ફિટ કરવામાં આવે તેવી અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ આજદિન સુધી કોઈ હકારાત્મક કાર્યવાહી કરવામાં આવી નથી. પરિણામે ગામમાં પીવાના પાણીની ગંભીર તંગી સર્જાઈ છે, ખેડૂતોની ખેતી સુકાઈ રહી છે અને ગ્રામજનો ત્રાહિમામ પોકારી રહ્યા

અનુસંધાન પાના ૬ ઉપર

અપોલો હોસ્પિટલ્સ–અમદાવાદના સુપર સ્પેશ્યાલીસ્ટ દ્વારા ઓપીડી
અમરેલી માં...
Apollo HOSPITALS

| | |
|---|---|
| દર મહિનાના પહેલા બુધવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. જતીન વખારિયા<br>કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન<br>MBBS, DNB (Orthopedics), D'Ortho, FIAS |
| દર મહિનાના બીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. પાર્થ જોષી<br>MBBS, Dr NB ન્યુરોસર્જરી, એન્ડોવાસ્ક્યુલર અને વાસ્ક્યુલર ન્યુરોસર્જરીમાં ફેલોશિપ (મણિપાલ, બેંગ્લોર)<br>મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જન |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ સુધી | ડો. શ્રેયા બુટાલા<br>MD, DM Gastro (SGPGIMS),<br>Consultant Gastroenterologist and Hepatologist |
| દર મહિનાના ત્રીજા શુક્રવારે | ડો. પ્રિતિશ શાહ<br>એમબીબીએસ,એમડી (મેડિસિન), ડીએનબી (નેફ્રોલોજી)<br>કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ |

આસ્થા હોસ્પિટલ
લિલિયા રોડ, બી.એમ. ચોક, અમરેલી, ગુજરાત-૩૬૫ ૬૦૧
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : +91 8238984000 & 7698815315
અપોલો હોસ્પિટલ, અમદાવાદ
પ્લોટ નં. ૧–એ, ભાટ, જી.આઈ.ડી.સી. એસ્ટેટ, એરપોર્ટ રોડ, અમદાવાદ – ગાંધીનગર. 8401801066

સુશ્રુત આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (બી.એ.એમ.એસ.)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,45,500/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૨/૦૫/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૩૧૩૬૬

## જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવીને પુરતા પ્રમાણમાં ડીઝલ આપવા માંગ

# અમરેલી જિલ્લામાં ખેડૂતો ડીઝલ માટે ભટકવા મજબુર : કિસાન સંઘ

**વર્તમાન સમયમાં ખેતી માટે ડીઝલની અતિ જરૂર હોય તે સમયે ન મળે તો સમગ્ર વર્ષ બરબાદ થશે**

**ખેડૂતોને મહામુસીબતે માત્ર ૧૦ થી ૨૦ લિટર જ ડીઝલ મળી રહ્યું છે**

**ડીઝલ ઉપરાંત ખેડૂતોને ડી.એ.પી. ખાતર પણ જરૂરિયાત પ્રમાણે ઝડપથી મળતુ નથી**

**ખેડૂતો નકલી બિયારણનાં વેચાણથી પણ પરેશાન થઈ ચુકયા છે**

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા જિલ્લા કલેકટરને એક પત્ર પાઠવી માંગ કરેલ છે કે હાલ ચોમાસુ નજીક હોય ત્યારે ખેડૂતોને ખૂબ જ મોટા પ્રમાણમાં ખેતીનું કામ ચાલતું હોય છે. હાલના સંજોગો પ્રમાણે તમામ ખેતીનું કામ માત્ર ટ્રેકટર તેમજ સનેડાથી થતું હોય છે. ત્યારે ડીઝલની વૈકિ તંગી ઉભી થયેલ હોય ખેડૂતોને ખેતી કરવા માટે ડીઝલની ખૂબ જ જરૂર હોય છે. યાંત્રિક સાધન સિવાય ખેતી થઈ શકે તેમ ના હોય ત્યારે ખેડૂતો ડીઝલ માટે ૧૦ થી ૨૦ લિટરના કેરબા લઈ દરેક પેટ્રોલ પંપ ઉપર ભટકી રહ્યા છે.

અત્યારે આખર સમયમાં ખેડૂત ખેતી ન કરે તો આખું વર્ષ બરબાદ થાય છે. અગાઉના સરકારના પરિપત્ર મુજબ ૭/૧૨ લઈને જઈએ તો ખેડૂતોને ૨૦૦ લીટર ડીઝલ આપવા જણાવેલ હોવા છતાં કયાંય ખેડૂતને ૨૦ લિટર પણ ડીઝલ મળતું નથી. આખો દિવસ ખેડૂત ટ્રેકટર લઈ ખેતી કરે તો તેમને ૩૦ થી ૪૦ લિટર ડીઝલની જરૂરીયાત પડે છે.

ત્યારે ખેડૂત પોતાનું ટ્રેકટર લઈ અને પેટ્રોલ પંપ ઉપર ડીઝલ લેવા જવામાં જ અડધું ડીઝલ ખલાસ થઈ જાય છે. આ ખેતી પ્રધાન દેશમાં ખેડૂતોની હાલત ખૂબ જ દયનીય થઈ ગઈ છે. તો તાત્કાલિક ધોરણે ખેડૂતોને દર પાંચ દિવસે ૧૦૦ લીટર ડીઝલ મળે તેવી યોગ્ય વ્યવસ્થા કરવા પત્રના અંતમાં માંગ કરેલ છે.

અમરેલી જિલ્લાના દરેક પેટ્રોલ પંપને ૮ થી ૧૦ દિવસે એક ટેન્કર ડીઝલ ફાળવવા આવે છે પરંતુ ડીઝલ તુરંત ખલાસ થઈ જાય છે.

આ ઉપરાંત ખેડૂતોને દર વર્ષે રાસાયણિક ખાતર પણ સિઝનમાં મળતું નથી. હાલ એક પણ ખાતર ડેપો ઉપર ડી.એ.પી. ખાતર ૧૨–૩૨–૧૬ યુરિયા તેમજ અન્ય પાયાના ખાતરની અછત ઊભી થાય છે. હાલ ખાતર માટે લાંબી લાઈનો લાગે છે તો પણ ખેડૂતોને જોઈએ તે ખાતર મળતું નથી. જો સરકાર ડીઝલ તેમજ ખાતર ખેડૂતોને તાત્કાલિક મળે તેવી વ્યવસ્થા નહીં ગોઠવે તો ખેતી મૃતપાઈ થઈ જશે તેમજ દેશમાં ભૂખમરો આવશે તેમજ ખેડૂત ખેતી છોડી દેવા મજબુર બનશે.

આ તમામ પ્રશ્ન ખૂબ જ ગંભીરતાથી ધ્યાને નહીં લેવામાં આવે તો દેશને ખૂબ જ ગંભીર પરિણામ ભોગવવાનો વખત આવશે. દેશના ખેડૂત બે હાલ થઈ જશે, ખાતરનો અસહ્ય ભાવ વધારો જીકાયો છે તે પણ પરત ખેંચવામાં આવે.

હાલમાં બજારમાં બિલ વગરનું ડુપ્લીકેટ કપાસ તેમજ અન્ય બિયારણનું પણ ધૂમ વેચાણ થઈ રહ્યું છે. ખેડૂત છેતરાઈ રહ્યો છે. એક બાજુ સરકાર નકલી દવા, બિયારણ, ખાતર ઉપર કડક સજાની જોગવાઈની અને ચમરબંધીને પણ છોડશું નહીં તેમ કહે છે અને બજારમાં નકલી ખાતર, બિયારણ, દવાનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. તે તપાસ કરી કડક અમલવારી કરવા પણ પત્રનાં અંતમાં જિલ્લા ભારતીય કિસાન સંઘ દ્વારા માંગ કરી છે.

---

### જિલ્લા કોંગ્રેસનાં ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

## રાજુલા શહેરમાં ભુગર્ભ ગટરનાં પ્રોજેકટનાં કામમાં અનેક પ્રકારની ગેરરીતિનો આક્ષેપ

**નિષ્પક્ષ તપાસ ન થાય તો આંદોલનની ચીમકી આપી**

રાજુલા, તા. ૨૨

રાજુલા નગરપાલિકા વિસ્તારમાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની (જીયુડીસી) દ્વારા ચાલી રહેલા કરોડો રૂપિયાનાં ભૂગર્ભ ગટર પ્રોજેકટમાં નબળી કામગીરી, ગેરરીતિ અને ગુણવત્તાનાં અભાવ સામે હવે કોંગ્રેસ પક્ષે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.



અમરેલી જિલ્લા કોંગ્રેસનાં ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂ દ્વારા ગુજરાત રાજયનાં મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી સમગ્ર પ્રોજેકટની ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. કોંગ્રેસ પક્ષે આક્ષેપ કર્યો છે કે મૂળ કોન્ટ્રાકટર દ્વારા કામ એક પછી એક પેટા કોન્ટ્રાકટરોને સોંપાતા કામગીરીમાં પારદર્શિતા અને જવાબદારીનો સંપૂર્ણ અભાવ જોવા મળી રહ્યો છે.

રજૂઆતમાં જણાવાયું છે કે, ટેન્ડર અને એસ્ટીમેટ મુજબ કામગીરી થતી નથી, રોડ ખોદકામ બાદ યોગ્ય સમારકામ કરવામાં આવતું નથી, ગટર લાઈન અને ચેમ્બરોની ગુણવત્ત ।અત્યંત શંકાસ્પદ છે તેમજ કામગીરી દરમિયાન સુરક્ષા ધોરણોનાં ખુલ્લેઆમ ભંગથી સામાન્ય લોકો અકસ્માતનાં ભય હેઠળ જીવવા મજબૂર બન્યા છે.

કોંગ્રેસ પક્ષે આક્ષેપ કર્યો છે કે, કરોડો રૂપિયાનાં સરકારી નાણાં ખર્ચાયા છતાં સ્થળ પર કામગીરીની હાલત અત્યંત નબળી જોવા મળી રહી છે, જે ભ્રષ્ટાચાર અને નાણાંના દુરૂપયોગ તરફ સ્પષ્ટ ઈશારો કરે છે.

ચેતવણી આપતા જણાવ્યું છે કે, જો તાત્કાલિક નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી નહીં કરવામાં આવે તો કોંગ્રેસ પક્ષ દ્વારા જનઆંદોલન અને ઉગ્ર કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.

---

### ૪ દિવસમાં બીજી વાર ચાવંડ પમ્પ હાઉસમાં શટડાઉન થયું

# લ્યો બોલો : બાબરામાં ભરઉનાળે શહેરીજનોને પીવાનું પાણી નિયમિત ન મળતાં રોષનો માહોલ

**ડીઝલ બાદ પીવાના પાણીની તંગીથી જનતા પરેશાન થઈ રહી છે**

બાબરા, ૨૨

બાબરા શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા ફરી એકવાર ખોરવાઈ જતાં લોકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. ચાર દિવસના ટૂંકા ગાળામાં બીજી વાર ચાંવડ પમ્પ હાઉસ દ્વારા શટડાઉન કરવામાં આવતા શહેરના અનેક વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ થઈ ગયો છે. પાણી જેવી પ્રાથમિક સુવિધા વારંવાર ખોરવાતા લોકો હાલ મોંઘા ભાવે ખાનગી ટેન્કર મંગાવવા મજબૂર બન્યા છે.

બીજી તરફ તાજેતરમાં બાબરા નગરપાલિકામાં પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના ચેરમેનના પદગ્રહણ સમારોહ બાદ યોજાયેલી બોર્ડ બેઠક પણ શહેરમાં ચર્ચાનો વિષય બની છે. શહેર ભાજપ પ્રમુખ દ્વારા બેઠકમાં ઉપસ્થિત રહી સભ્યોને માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવતા રાજકીય વર્તુળોમાં અનેક સવાલો ઊભા થયા છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

સ્થાનિક રાજકીય અગ્રણીઓ અને જાગૃત નાગરિકોમાં ચર્ચા ચાલી રહી છે કે પાલિકાની સત્તાવાર બોર્ડ બેઠકમાં ચૂંટાયેલા સભ્યો સિવાય અન્ય આગેવાનો અથવા સમાજના અગ્રણીઓ કેવી રીતે હાજર રહી શકે ? કેટલાક અગ્રણીઓએ ખુલ્લેઆમ જણાવ્યું હતું કે નગરપાલિકાની બોર્ડ બેઠક નિયમ અને પ્રક્રિયા મુજબ જ યોજાવા જોઈએ અને તેમાં બિનસભ્યોની હાજરી અંગે સ્પષ્ટતા થવી જોઈએ.

બેઠક દરમિયાન શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયાએ ઉપસ્થિત સભ્યોને વિકાસલક્ષી કામો, સંકલન અને પ્રજાલક્ષી કામગીરી માટે સૂચનો આપ્યા હતા. જોકે સમગ્ર ઘટનાક્રમ દરમિયાન નગરપાલિકાની બેઠક કરતાં વધુ સંગઠનની બેઠક જેવો માહોલ જોવા મળતા લોકોમાં વિવિધ ચર્ચાઓ ઉઠી હતી.

આ વચ્ચે શહેરની સૌથી મોટી સમસ્યા પાણી વિતરણની ફરી ગંભીર બની છે. ચાંવડ પમ્પ હાઉસમાં મરામતના કારણોસર શટડાઉન કરવામાં આવ્યું હોવાનું નગરપાલિકાના નવ નિયુકત પ્રમુખ દ્વારા જણાવાયું હતું. જોકે અગાઉ પણ કેટલાક સભ્યોએ ચાંવડ પમ્પ હાઉસની કામગીરી અને વારંવાર ઊભી થતી ખામીઓ અંગે શંકા વ્યકત કરી હતી. છતાં હજુ સુધી નગરપાલિકા દ્વારા કોઈ ઊંડાણપૂર્વકની તપાસ કે જવાબદારી નક્કી કરવામાં આવી નથી એવી ચર્ચા શહેરમાં ચાલી રહી છે.

શહેરજનોમાં એવી લાગણી વ્યાપી રહી છે કે પાણી વિતરણ જેવી મૂળભૂત સુવિધા મામલે નગરપાલિકા તંત્ર પૂરતું ગંભીર નથી, જેના કારણે સામાન્ય લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આગામી દિવસોમાં નગરપાલિકાના નવ નિયુકત હોદેદારો પ્રાથમિક સુવિધાઓને પ્રથમ પ્રાથમિકતા આપી પાણી, સફાઈ અને જનસુવિધા જેવા પ્રશ્નોમાં નક્કર અને પારદર્શક કામગીરી કરે તેવી લોકમાંગણી જોર પકડી રહી છે.

---

## રંગપુર ગામ ખાતે વાહકજન્ય રોગો અંતર્ગત કામગીરી કરાઈ

અમરેલી, તા. ૨૨

રંગપુર ગામ ખાતે વાહકજન્ય રોગ અંતર્ગત કામગીરી હાથ ધરવામાં આવી. રંગપુર ગામનાં લોકોને વાહકજન્ય રોગો જેવા કે, મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાનાં મચ્છર ચોખ્ખા, ખુલ્લા અને બંધીયાર પાણીમાં થાય છે તે અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું. તથા લોકોને સમજાવવામાં આવ્યું કે, પોતાના ઘરની અગાશીમાં, ફળિયામાં કે ઘરની આજુ–બાજુમાં કોઈપણ ભંગાર અથવા ડબ્બા–ડુબલી, ટાયર, પક્ષીકુડ હોઈ તેમાં વરસાદનું પાણીનાં ભરાઈ તે રીતે રાખવા અથવા તેનો નિકાલ કરવા અંગે પણ આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું. અને ગામના ૧૮ જેટલા ઘરનાં



૨૦ ખુલ્લા પાણીનાં ટાંકામાં પોરાભક્ષક ગપ્પી માછલીઓ મુકવામાં આવેલ. આ કામગીરીને સફળ બનાવવા માટે સ્થાનિક આરોગ્ય કર્મચારી સપનાબેન રાણવા, ડી.જી. રાજયગુરૂ, કિરણબેન દુધાતએ જહેમત ઉઠાવેલ.

---

### કાર્યકરો અને આગેવાનોનાં ઉત્સાહ વચ્ચે

## ઉના અને ગીરગઢડા તાલુકા પંચાયતનાં પ્રમુખ સહિતનાં હોદ્દેદારોએ ચાર્જ સંભાળ્યો

**ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે શુભકામના પાઠવી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૨૨

સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદગીર સોમનાથ જિલ્લામાં તાલુકા પંચાયતોમાં ભાજપ દ્વારા નવા પદાધિકારીઓના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ઉના અને ગીર ગઢડા તાલુકા પંચાયતમાં પ્રમુખથી લઈને દંડક સુધીના હોદ્દાઓ માટે નવી ટીમ જાહેર થતાં રાજકીય માહોલ ગરમાયો હતો અને કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

ઉના તાલુકા પંચાયતમાં ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડના મેન્ડેટ અનુસાર પ્રમુખ તરીકે વૈશાલીબેન પ્રકાશભાઈ બાંભણીયા અને ઉપપ્રમુખ તરીકે પુનમબેન નીતીશભાઈ બાંભણીયાએ ઉમેદવારી ફોર્મ રજૂ કર્યા હતા. સાથે જ કારોબારી ચેરમેન તરીકે જીલુભાઈ રાણેકભાઈ ગોહિલ, શાસક પક્ષના નેતા તરીકે સામતભાઈ સાદુળ ભાઈ ચારણીયા અને દંડક તરીકે હરીભાઈ પ્રતાપભાઈ ઝણકાટની વરણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે નવા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી તાલુકાના વિકાસ અને સુશાસનને પ્રાથમિકતા આપવા અપીલ કરી હતી. તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ભાજપના આગેવાનો, જિલ્લા પંચાયતના સભ્યો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

બીજી તરફ ગીર ગઢડા તાલુકા પંચાયતમાં પણ ભાજપ દ્વારા નવી ટીમ જાહેર કરવામાં આવી છે. પ્રમુખ તરીકે માનભાઈ વિરાભાઈ મકવાણા, ઉપપ્રમુખ તરીકે ભાવનાબેન ચંદુભાઈ રાણપરિયા અને કારોબારી ચેરમેન તરીકે પારસકુમાર બીજલભાઈ ડાભીની પસંદગી કરવામાં આવી છે. ઉપરાંત પક્ષના નેતા તરીકે માનવભાઈ નરેશભાઈ ઝણકાટ અને દંડક તરીકે ભારતીબેન હરેશભાઈ બલદણીયાની વરણી કરવામાં આવી છે.

નવી ટીમ જાહેર થતાં ભાજપ કાર્યકરોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો. કાર્યકરો દ્વારા એકબીજાને મીઠાઈ ખવડાવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. નવી ટીમના નેતૃત્વ હેઠળ તાલુકા પંચાયતના વિકાસકાર્યોને વધુ ગતિ મળશે તેવી આશા વ્યકત કરવામાં આવી રહી છે.

---

### ધારાસભ્ય તળાવીયાની રજુઆતથી

## બાબરાનાં પીરખીજડીયા ગામે ૬૫ લાખનાં ખર્ચે પુલ બનશે

**ગ્રામજનોમાં ખુશીનો માહોલ**

અમરેલી, તા. ૨૨

બાબરા તાલુકાના પીરખીજડીયા ગામે લાંબા સમયથી પ્રજાજનોની મહત્વપૂર્ણ માંગ રહેલી આંતરિક માર્ગ સુવિધા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૬૫ લાખના ખર્ચે સુવિધાપથ (સી.સી. રોડ) મંજૂર કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળ ।વીયાની સતત રજૂઆત અને પ્રયત્નો ફળ્યા હોવાનું ગ્રામજનોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે.

પીરખીજડીયા ગામે વસવાટ કરતા નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને વરસાદી ઋતુ દરમિયાન કાચા તથા જર્જરિત રસ્તાઓ કારણે રોજિંદી આવાગમન, શાળા–કોલેજ, આરોગ્ય સેવા તથા ખેતી સંબંધિત વાહન વ્યવહાર અસરગ્રસ્ત થતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખી ધારાસભ્ય જનક તળાવીયાએ સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી.

ધારાસભ્યની સક્રિય આગેવાની અને વિકાસલક્ષી અભિગમના પરિણામે રાજય સરકારે રૂ. ૬૫ લાખના ખર્ચે સી.સી. રોડને મંજૂરી આપી છે. આ માર્ગ બનવાથી ગામના આંતરિક રસ્તાઓ મજબૂત બનશે, ટ્રાફિક સુવ્યવસ્થિત થશે અને ગ્રામજનોને વર્ષો સુધી ટકાઉ અને સુરક્ષિત માર્ગ સુવિધા પ્રાપ્ત થશે.

આ મંજૂરી મળતાં પીરખીજડીયા ગામના સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, આગેવાનો તથા ગ્રામજનોએ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર વ્યકત કર્યો છે. ગ્રામજનોએ જણાવ્યું કે, ''જનકભાઈ તળ ।વીયા હંમેશા ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે પ્રતિબદ્ધ રહ્યા છે અને અમારા ગામની વર્ષોથી અટવાયેલી માંગને પૂરી કરી છે.''

---

### વિદ્યાર્થીઓનાં વાલીઓનાં હાશકારાની લાગણી

## અરે વાહ : અમરેલીનાં ગજેરા કેમ્પસ–વિદ્યાસભા દ્વારા ડીઝલનાં ભાવ વધારા વચ્ચે સ્કુલ બસની ફીમાં ઘટાડો

**પ્રતિમાસ સ્કુલ બસની ફીમાં રૂપિયા ૨૦૦નો ઘટાડો થયો**

અમરેલી, તા. ૨૨

અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ – વિદ્યાસભા દ્વારા વાલીઓના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ ડીઝલના ભાવોમાં સતત વધારો થવા છતાં વિદ્યાર્થીઓની બસ ફીમાં વધારો ન કરવા અને તેના બદલે ફીમાં ઘટાડો કરવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે.

સંસ્થા દ્વારા ગત વર્ષે પ્રતિ માસ રૂ. ૧૦૦૦ લેવામાં આવતી બસ ફી હવે ઘટાડીને માત્ર રૂ. ૮૦૦ નક્કી કરવામાં આવી છે. આ નિર્ણયથી મોટી સંખ્યામાં વાલીઓને સીધો આર્થિક લાભ મળશે.

સંસ્થાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઈંધણ બચત અને સંયુકત પરિવહન વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાના અભિગમને પ્રયાનમાં રાખીને એક જ વાહનમાં વધુ વિદ્યાર્થીઓને પરિવહન સુવિધા આપવામાં આવશે. જેના કારણે




ઈંધણની બચત સાથે વાલીઓને વ્યાજબી દરે સલામત અને સુવિધાસભર પરિવહન સેવા ઉપલબ્ધ બનશે.

આ ઉપરાંત વાલીઓને વિદ્યાર્થીઓને રોજ લેવા–મૂકવા જવાની ચિંતામાંથી પણ રાહત મળશે. સંસ્થાના આ નિર્ણયને વાલીઓ અને નાગરિકોમાંથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. સંસ્થાએ અંતમાં જણાવ્યું હતું કે વાલીઓ તથા નાગરિકોના સૂચનો અને સહકારને હંમેશા આવકાર આપવામાં આવશે.

સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના આવા પ્રેરણાત્મક વિચારો બદલ વાલીઓ તરફથી આભારની લાગણીઓ વ્યકત કરવામાં આવી રહી છે.

## કરોડો અબજો રૂપિયા લઈને નાસી જનારનો વાળ વાંકો થતો નથી તે સમયે

# હે રામ : ખેડૂતે બેન્કની કડક ઉઘરાણાથી કંટાળી આત્મહત્યા કરી લીધી

**વડિયાનાં ખડખડ ગામે ૧૦ વીઘા જમીનનાં ખાતેદાર ખેડૂતે મામુલી રકમનું ધિરાણ લીધેલ**

**ખેડૂત બેન્કનું ધિરાણ સમયસર ભરવામાં નિષ્ફળ રહેતા બેન્ક તરફથી સતત ઉઘરાણી થતી હતી**

**બેન્ક તરફથી દરરોજ ૮થી ૧૦ કોલ કરી ઉઘરાણી થતી હતી તેવું પરિવારજનોએ જણાવ્યું**

**અંતે કંટાળીને ખેડૂત અશ્વિનભાઈ હિરપરાએ ઝેરી દવા પી લેતાં અરેરાટીનો માહોલ ઉભો થયો**

અમરેલી, તા. ૨૨

વડીયા તાલુકાના ખડખડ ગામે એક ખેડૂતે બેંકના ધિરાણની રકમ ભરી શકે તેમ ના હોય તેથી ઝેરી દવા પી આત્મહત્યા કર્યાની ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ છે. મૃતક ખેડૂતની ઓળખ અનિ નાથાભાઈ હિરપરા તરીકે થઈ છે. પરિવારજનોએ બેંક તરફથી સતત આવતા કોલ અને ધિરાણ ભરવા માટેના દબાણને કારણે પગલું ભર્યાનું જણાવેલ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ખડખડ ગામે રહેતા અને સંયુકત પરિવારમાં આશરે ૧૦ વીઘા જમીન ધરાવતા ખેડૂત અનિભાઈ હીરપરાએ થોડા સમય અગાઉ બેંકમાંથી ખેતી માટે ધિરાણ લીધું હતું. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ખેતીમાં પૂરતી આવક ન થતા તેઓ લોનની રકમ ભરવામાં મુશ્કેલી અનુભવી રહ્યા હતા. પરિવારજનોના જણાવ્યા મુજબ છેલ્લા ત્રણ મહિનાથી બેંક તરફથી ધિરાણ ભરવા માટે સતત રોજના ૮ થી ૧૦ કોલ કરી ઉઘરાણીનું દબાણ કરવામાં આવતું હતું.

આ દરમિયાન અનિભાઈએ કોઈ ઝેરી દવા પી લેતા તેમની તબિયત બગડી હતી. પ્રથમ તેમને વડીયા અને વધુ સારવાર અર્થે જૂનાગઢ લઈ જવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજયું હતું.

મૃતકના પરિવારનાં સદસ્ય વિજય હીરપરાએ આક્ષેપ કર્યો હતો કે, "બેંકમાંથી રોજબરોજ ફોન દ્વારા ધિરાણ ભરવા માટે ભારે પ્રેશર કરવામાં આવતું હતું. જેના કારણે



અનિભાઈ માનસિક તણાવમાં આવી ગયા હતા અને અંતે આત્મહત્યાનો રસ્તો અપનાવ્યો હતો."

આ અંગે ખડખડ ગામના સરપંચે પણ જણાવ્યું હતું કે, "બેંકના દબાણના કારણે ખેડૂતે ઝેરી દવા પી હોવાનું પ્રાથમિક રીતે સામે આવી રહ્યું છે."

બીજી તરફ વડીયા પોલીસે બનાવ અંગે એડી દાખલ કરી તપાસ હાથ ધરી છે. પોલીસ નોંધ મુજબ મૃતક છેલ્લા દસ વર્ષથી માનસિક રોગની દવા લેતા હતા તેમજ બેંકનું લેણું ભરવા માટે સંયુકત ખાતાની જમીન વેચવાની ચર્ચા ચાલી રહી હતી પરંતુ પરિવાર દ્વારા ના પાડવામાં આવતા તેમણે અનાજમાં નાખવાના ટીકડા ખાઈ લીધા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

આ બનાવને લઈ સમગ્ર ખેડૂત સમાજમાં ચિંતા વ્યાપી છે અને ખેતીમાં વધતા આર્થિક સંકટ તથા ધિરાણના ભારણ વચ્ચે ખેડૂતોની સ્થિતિ અંગે ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.

---

### અમરેલી પેરોલ ફર્લો સ્કવોડનો સપાટો

## વિસઘાતના ગુન્હામાં છેલ્લા પાંચ માસથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

**ઉનાનાં નવા બંદર ખાતેથી અટકાયત કરાઈ**

અમરેલી, તા. ૨૨

પાંચેક મહીના પહેલા યુસુફભાઈ બાબુભાઈ ગભોલની ટ્રકમાં સુકી મચ્છી (બુમલા) આશરે ૧૨ ટન ૮૨૫ કિલો કિંમત ખર્ચ સહિત રૂપિયા ૪૦,૩૪,૮૧૦ના ભરીને આ ટ્રકના ડ્રાઈવર તથા તેની સાથેના ક્લિનર આરોપી શબીરશા નાથુશા શાહમદારદ (રહે.ગીર ગઢડા) પશ્ચિમ બંગાળની માલદા બોર્ડર પર દિપક સરકાર નામના વેપારીને પહોંચાડવા માટે ગત તા.૫/૧૨ ના રોજ જાફરાબાદથી પશ્ચિમ બંગાળ જવા નીકળેલ હતા.

પરંતુ આ બંન્ને આરોપીએ સુકી મચ્છી (બુમલા) પશ્ચિમ બંગાળ



ની માલદા બોર્ડર પર દિપક સરકાર નામના વેપારીને નહી પહોચાડી ટ્રકમાં ભરેલ બુમલા ક્યાંક વેચી નાખી સગેવગે કરી વિસઘાત કરી ગુન્હો કરવામાં મદદરગારી કરેલ હતી. જે ગુન્હાના કામે નવા બંદર ઈબ્રાહીમભાઈ ઉર્ફે જંડુ નુરમહમદભાઈ મેર નામનાં મચ્છીના વેપારીનુ નામ ખુલવા પામેલ જે કામે આરોપી આજદિન સુધી નાસતો ફરતો હતો.

જે બાબતે પેરોલ ફર્લો સ્કવોર્ડ અમરેલી હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેક્નીકલ સોર્સ મારફતે તપાસ તજવીજ કરાવતા મજકુર આરોપીને તા. ૨૨ના રોજ નવા બંદર (તા.ઉના) ખાતેથી હસ્તગત કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા સારૂ જાફરાબાદ મરીન પોલીસને સોંપી આપવા તજવીજ કરેલ છે.

---

## અમરેલી પાલિકાનાં પૂર્વ વિપક્ષ નેતા સમીર કુરેશીનો આજે જન્મ દિવસ

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લા કોંગ્રેસ ના નાના મોટા સહુ ના લાડકવાયા અને બાહુબલી ની છાપ ધરાવનાર સમીર કુરેશી નો આજે જન્મ દિવસ છે ગજ ઈ થી પોતાની રાજકીય કારકિર્દી ની શરૂઆત કરી પોતાની આગવી ઓળ ખ ઉભી કરી સંગઠન નેતૃત્વ ને નવી દિશા અને ઉર્જા આપનાર સમીર કુરેશી આજે અમરેલી નગરપાલિકા માં સતતબીજી વાર અને એકવાર પ્રતિનિધિ રૂપે એમ કુલ મળી સતત ત્રીજી વાર સભ્ય તરીકે પણ કાર્યરત છે દરેક સમાજ અને વર્ગ ના લોકો ના કામ કરવા માટે એમની તત્પરતા એમનો પરિચય છે આવા કાર્યદક્ષ યુવા નેતા ને



તેમના મોબાઈલ નંબર ૯૪૨૮૬૧૬૭૮૫ પર શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ રહી છે.

---

### સરકારનો કોઈ કાબુ ઓઈલ કંપની પર જોવા મળતો નથી

## ઓઈલ કંપનીની દાદાગીરી : જો ડીઝલનો જથ્થો મેળવવો હોય તો પાવર પેટ્રોલ લેવુ પડશે

**પ્રતિ લિટર ૮ રૂપિયા વધારે હોય પાવર પેટ્રોલનુ વેચાણ ઓછુ હોય છે**

અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં એક તરફ સરકારનાં વ્યાપક દાવાઓ વચ્ચે ડીઝલનો જથ્થો અપુરતો છે તે હકીકત છે તેવા સમયે અમુક ઓઈલ કંપનીએ નવો ફતવો બહાર પાડયો કે પેટ્રોલ પંપનાં સંચાલકોને ડીઝલનો જથ્થો મેળવવો હોય તો ફરજિયાતપણે ૮ રૂપિયા મોંઘુ આવતુ પાવર પેટ્રોલ ખરીદવુ પડશે.

અમરેલીમાં સાદા પેટ્રોલનો ભાવ રૂપિયા ૯૯ આસપાસ છે અને પાવર પેટ્રોલનો ભાવ રૂપિયા ૧૦૭ જેટલો હોવાથી વાહનચાલકો સાદુ પેટ્રોલ તેમના વાહનમાં ભરાવતાં હોય છે એટલે પાવર પેટ્રોલનુ વેચાણ થતુ નથી છતાં પણ ઓઈલ કંપની પેટ્રોલ પંપ સંચાલકને પાવર કંટ્રોલ ખરીદવા આગ્રહ કરી રહી છે.

એક તરફ ઠેકઠેકાણે ડીઝલની બુમ ઉઠી છે. તે સમયે એક પણ જનપ્રતિનિધિ ખેડૂતોની મદદે આવતા નથી અને અધિકારીઓ બચાવની સ્થિતિમાં જોવા મળી રહ્યા છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

WALK IN INTERVIEW
ઇલેક્ટ્રીશીયન - વાયરમેન - સીસીટીવી માટે સ્ટાફ જોઇએ છે
(કામની જવાબદારી)
ઇલેક્ટ્રીકલ વાયરીંગ
ફાયબર સ્પ્લાઇસીંગ - O.N.U. કન્ફીગરેશન
CCTV ઇન્સ્ટોલેશન & મેઇન્ટેનન્સ
P.A. સીસ્ટમ ઇન્સ્ટોલેશન (માઇક)
પ્રોજેક્ટર ઇન્સ્ટોલેશન
સર્વેલન્સ સીસ્ટમ ઇન્સ્ટોલેશન & મેઇન્ટેનન્સ
સર્વેલન્સ સીસ્ટમ ઇન્સ્ટોલેશન & મેઇન્ટેનન્સ
ઇલેક્ટ્રીકલ ડેકોરેશન વર્ક
O.T.D.R. રીપોર્ટીંગ
દરેક પ્રકારના સેન્સર ઇન્સ્ટોલેશન & મેઇન્ટેનન્સ
• EPFO No., UAN No. (જો હોય તો)
SALARY : Starting Rs. 35/Hour (For Freshar) + EPFO
TIME : MONDAY to SATURDAY - 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 49

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

સ્પે. વેકેશન બેચ સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧
















# પ્રેમાળ જયોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ

## પગદંડી/લેખન

– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

કવિ પ્રભુને પ્રાર્થના કરે છે. પોતાના જીવનાથને ઉજાળવા ઉજાગર કરવા માટે શું આપણને આપણનો પંથ દેખાતો નથી ? શું આપણે અંધ છીએ ? બધું જ દેખાય છે. જોઈ શકીએ છીએ. આપણે શાળામાં અભ્યાસ કરતા રહો ત્યારે આ પદ પ્રાર્થના ગાતા હતાં ખરૂ ને ? આવો એનો ભાવ આધ્યાત્મિક ગહન ભાવ જાણવાનો પ્રયત્ન કરીએ. શ્રી અરવિંદએ માતાજીના પરમ સાધક પ્રો. જયોતિબહેન થાનકીએ આ સંદર્ભ પોતાનાં વિચારો વ્યકત કર્યા છે. આવો વાંચીને આપણે પણ એ પથ પર અગ્રેસર થવાનો પ્રયત્ન કરીએ. માનવ જીવનના વિકાસની ગતિને રૂંધનારૂં એક પરિબળ આપણી અંદર જ બેઠેલું છે અને તે છે શંકા અને અવિસ. કોઈપણ કાર્યની શરૂઆત કરે ત્યારે માણસના મનમાં પહેલો એવો વિચાર આવે કે 'આ હું જે કરી રહ્યો છું તે સાચું તો છે ને ? એમાં હું સફળ તો થઈશ ને ? જે મેળવવા હું નીકળ ી પડયો છું, એ મળશે કે કેમ તેની તો મને ખબર નથી, પણ હાથમાં રહેલી વસ્તુઓને તો હું ગુમાવી નહીં બેસું ને ? આવી જાતના અનેક વિચારો તેના મનમાં ઊઠે છે. વળી, તેના આ વિચારોને બહારના જગતમાંથી પોષણ મળતું રહે છે. એટલે કામ શરૂ કર્યા પહેલાં જ તેનું મન અનેક આશંકાઓથી ઘેરાયેલું હોય છે. આ સ્થિતિમાં – મનની અવઢવભરી હાલતમાં સાચ્ચે જ પછી કામ સારૂં થતું નથી – એમાં સફળતા મળતી નથી.એટલે તેની શંકાઓ સાચી પડે છે.**શંકા છે, માનવમનની રોગિષ્ઠ ટેવ** શ્રી માતાજી શંકાને માનવમનની રોગિષ્ઠ ટેવ તરીકે ગણાવે છે. તેઓ કહે છે : 'શંકા કર્યા કરવી, દલીલો કર્યા કરવી અને નાસ્તિકતા સાથે માનસિક રમત રમવી એના કરતાં વધારે જોખમકારક બીજી કોઈ રમત નથી. આ ત્રણ વસ્તુઓ એ માનવજાતના માત્ર શત્રુઓ જ નથી, પણ પતનના ખાડાઓ છે. એકૂવાર એમાં પડ્યા પછી એમાંથી બહાર નીકળવું ખરેખર ખૂબ જ મુશ્કેલ બની જાય છે.' માણસ સીધી સાદી વસ્તુનો પણ સહેલાઈથી સ્વીકાર કરતો નથી. ન હોય ત્યાંથી એમાંથી છિદ્રો શોધી કાઢે છે. પછી તર્ક, દલીલો, શંકાઓથી સરળ વસ્તુને વિકૃત બનાવી દે છે. દલીલો કરવી, નિરર્થક ચર્ચાઓ કરવી તેને તે ડહાપણ અને જ્ઞાનની નિશાની માને છે. દરેક બાબતમાં આવી શંકાઓ કરનારાઓ પોતાની જાતને સહુથી વધારે બુદ્ધિશાળી માને છે અને પોતે વહેમ અને અજ્ઞાનથી પર છે, એવો દાવો કરતા ફરે છે. પરંતુ આવી શંકા–કુશંકાઓ માણસને ગૂંચવાડામાં નાખી દે છે અને સાચી હકીકતથી દૂર ઘસડી જાય છે. શ્રીમાતાજી આ અંગે ચેતવણી આપતાં સ્પષ્ટ કહે છે : 'જો તમે શંકાઓ કર્યા કરશો, નાસ્તિકતાનાં સૂચનો સાંભળશો, તો તમે વિરોધોમાં અટવાઈ જશો. તમારા આંતરસત્યથી એટલા બધા દૂર ફેંકાઈ જશો કે પછી એ સત્ય દેખાતું બંધ થઈ જશે અને તમે આત્માનો સંપર્ક ગુમાવી દેશો.'**શંકા સંકલ્પશકિતને નબળી બનાવે છે** માણસનું મન શંકાથી ભરેલું જ હોય છે. દરેક વસ્તુમાં, દરેક કાર્યમાં તે શંકા કરતું રહે છે. અરે, માનવ સંબંધોમાં પણ મન અનેક પ્રકારની શંકા–કુશંકા કર્યા કરે છે. માણસ કોઈપણ કામ કરવાનો નિશ્ચય કરે કે તરત જ મનમાં છુપાયેલી શંકા ફટાક કરતી બેઠી થઈ જાય છે અને નિશ્ચય ઉપર સીધો ઘા જ કરે છે. 'એમ તે કંઈ થતું હશે ? એમાં સફળતા કોઈને કદી મળી છે તે તને મળે ?' આવા શંકાના હુમલાથી માણસનું નિશ્ચયબળ ઢીલું થઈ જાય છે. સફળતા અને પરિણામ અંગેની શંકા જાગી એટલે સંકલ્પશકિત શિથિલ થઈ જવાની. એકૂવાર સંકલ્પશકિત ઢીલી થઈ એટલે પછી કામ કરવાનો ઉત્સાહ ઓસરી જવાનો. પછી એ કામ બોજા જેવું બની જાય છે.**શંકા મનુષ્યના આંતરસવને કોરી ખાય છે** ઘણા લોકો પોતાની શંકાને પોષણ આપતા રહે છે, તેથી શંકા વધારે મજબૂત બને છે. મનમાં શંકા સતત પાંગરતી રહે એના જેવી જોખમકારક વસ્તુ બીજી એકેય નથી. ફળમાં રહેલો કીડો ધીમે ધીમે કરતાં આખું ફળ ખાઈ જાય છે, એમ મનમાં રહેલો શંકાનો કીડો ધીમે ધીમે માણસના આંતરસવને ખાઈ જાય છે, તેથી ચેતનાને નીચે પછાડી દે છે. સુંદર માનવજીવનને નષ્ટભ્રષ્ટ કરી દે છે. મનમાં રહેલી શંકા ભાઈ–ભાઈ વચ્ચે દુશ્મનાવટ સર્જે છે. શંકા ભાગીદારોમાં ફૂટ પડાવીને ધંધાને બરબાદ કરી દે છે. એ જ શંકા પતિ–પત્નીના અતૂટ પ્રેમને ધિક્કારમાં પલટાવીને પતિ–પત્નીને છૂટાં પાડી દે છે. પ્રેમ, પવિત્રતા, વિાસ, શ્રદ્ધા–આવા બધા જ દૈવી ગુણો એકૂમાત્ર શંકાના આગમનથી ચાલ્યા જાય છે. શંકા માણસના મનનો કબજો લઈને તેના જીવનને તો બરબાદ કરી નાખે છે, પણ અન્યના જીવનને પણ નષ્ટભ્રષ્ટ કરી દે છે.શંકા પહેલાં ધીમેકથી મનમાં પ્રવેશે છે અને પછી ધીમે ધીમે તે મનમાં પોતાની પકડ જમાવતી જાય છે. મન પણ શંકાને સાથ આપીને એવી દલીલો રજૂ કરવા લાગે છે. તેમાં સાચી વસ્તુ તો સાવ ઢંકાઈ જાય છે, એટલે શંકા મનમાં પ્રવેશે ત્યારે જ તેને ખેંચીને બહાર ફેંકી દેવી જોઈએ. જે વ્યકિ કે વસ્તુ વિશે શંકા જાગે કે તરત જ તે વ્યકિત કે વસ્તુનું નિરાકરણ મેળ વી–શંકાને દૂર કરી દેવામાં આવે તો મનમાં શાંતિ અને સ્વસ્થતા રહે છે. ચિત્ત પ્રસન્ન રહે છે. એ સ્થિતિમાં જ માણસ સાચો નિર્ણય લઈને કાર્યો કરી શકે, આથી જ શંકાશીલ માણસો કદી પણ સફળ થઈ શક નથી. તેમનાં મન જ શંકાથી ખરડાયેલાં હોઈને તેમાં દિવ્ય વસ્તુઓ પ્રવેશતી જ નથી.**અવિશ્વાસ :**શંકાનો જોડિયો ભાઈ છે અવિાસ . કોઈપણ કાર્ય પાર પાડવાની અંતરમાંથી ઊઠતી ખાતરી તે વિાસ છે અને કાર્ય પાર પડશે કે કેમ, કોઈ વસ્તુ મેળ વી શકીશ કે કેમ એવી અનિશ્ચિતતાભરી સ્થિતિ છે, પોતાની જાતમાં અવિાસ. તે ત્રણ સ્તરે જોઈ શકાય છે.**૧. મનુષ્યમાં પોતાનામાં અવિશ્વસ** 'ના, આ મારાથી નહીં થાય' એમ કહીને કાર્યની જવાબદારીમાંથી છટકી જનારા માણસોને પોતાની જાતમાં વિાસ હોતો નથી. આત્મવિાસ વગર કોઈ કાર્ય થઈ શકતું નથી. આ સંદર્ભમાં સ્વામી વિવેકાનંદ કહે છે કે 'તમને તેત્રીસ કરોડ દેવી–દેવતાઓમાં વિાસ ન હોય તો તમે નાસ્તિક છો.' માણસને પોતાની અંદર વિાસ નથી હોતો અને એટલે માણસોમાં નિરાશા આવે છે. અવિાસની ક્રિયા–પ્રક્રિયાઓ સતત ચાલતી જ રહે છે. આવી હાલકડોલક સ્થિતિમાં માણસ આગળ વધી શકતો નથી.**૨.માણસોમાં અવિાસ** જે માણસને પોતાનામાં વિાસ હોતો નથી, એને અન્ય માણસોમાં પણ વિાસ હોતો નથી. માણસોમાં વિાસ ન હોવાથી બધું જ કામ એવા માણસે જાતે જ કરવું પડે છે. પરિણામે તે શરીર અને મનથી થાકી જાય છે, તેથી વધારે કામ કરી શકતો નથી. પરસ્પરના વિાસથી જ સામૂહિક સ્તરે મહાન કાર્યો થતાં હોય છે. અધિકારીને તેના સ્ટાફના માણસો પર પૂરો ભરોસો હોય તો જ સારી રીતે કામ કરી શકે છે. પિતાને પોતાના દીકરા ઉપર વિાસ હોય તો જ દીકરાની પ્રગતિ થઈ શકે છે. એ જ રીતે નોકર પર મૂકેલા વિાસને લઈને નોકર ખોટું કામ કરતો નથી. આમ, વિાસથી જ દુનિયા ચાલી રહી છે. પરંતુ મનુષ્યે સત્યમાં વિાસ ગુમાવી દીધો હોવાથી તે આગળ વધીશકતો નથી કે આ જગતનો ઉત્તમ ઉપયોગ પણ કરી શકતો નથી. પ્રત્યેક પગલે શંકા એને અટકાવે છે. માણસે બધાંને અંદર રહેલા ભગવાન સાથે સંવાદ સાધીને વિાસ રાખીને કામ કરવું જોઈએ, તો જ તે ટૂંકા સમયમાં બધાંની મદદ લઈને ખૂબ ઝડપથી આગળ નીકળી જાય છે.**૩. પરમાત્મામાં અવિાસ** મનુષ્યને અન્ય મનુષ્યોમાં તો વિાસ હોતો નથી, પણ પરમાત્મામાં પણ તેને વિાસ હોતો નથી. તે એવું વિચારે છે કે જેમને જોયા નથી, જાણ્યા નથી, એમના ઉપર ભરોસો કેવી રીતે મૂકી શકાય ? આજનો મનુષ્ય સાબિતી મળે, કંઈ પ્રમાણ હોય, તો તેના આધારે વિાસ મૂકવા તૈયાર થાય છે. પણ પરમાત્માની બાબતમાં એવું તો કશું હોતું નથી. એમાં તો પ્રથમ મનુષ્યે જ સંપૂર્ણ વિાસ મૂકવો જોઈએ. 'પરમાત્મા છે અને મને મદદ કરી રહ્યા છે,' એવી ભાવના સાથે જ તેણે આગળ વધવાનું હોય છે. શરૂઆતમાં જે કલ્પના હોય છે, તે પછી વાસ્તવિકતામાં પલટાઈ જાય છે. પણ માણસને વિાસ નથી અને એટલે જ દુ:ખી થાય છે. જીવનનો માર્ગ વિાસથી આગળ ચાલે છે, અનેદઢ વિાસ જ ધ્યેય સુધી લઈ જાય છે. માણસને કોઈનામાં નહીં તો પણ પ્રભુમાં, તેની કૃપામાં વિાસ હોવો જોઈએ. બાળકના મનમાં દઢ વિાસ હોય છે કે મને જે જોઈએ છે તે મને અવશ્ય મળશે. જો આવો અવિાસ હોય તો માર્ગ ગમે તેટલો કઠિન હોય પણ સહેલાઈથી પાર થઈ જાય છે. મુશ્કેલીઓમાં ગમે ત્યાંથી મદદ આવી મળે છે. વિાસ હોવો જરૂરી છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા વગેરે ભકતોનાં જીવનમાં તો અચલ શ્રદ્ધા અને વિાસ જોવા મળે જ છે.મીરાંબાઈને રાણાએ ઝેર મોકલ્યું અને મીરાં પોતાના ગિરધર ગોપાલ પરની અચલ શ્રદ્ધાથી તેને અમૃત માનીને પી ગયાં અને ઝેર અમૃત થઈ ગયું. વાસ્તવમાં તો એવું પણ બન્યું હોય કે ઝેરને બદલે વચ્ચેથી કોઈના હૃદયમાં પ્રેરણા મૂકીને ભગવાને એ ઝેરને બદલે શરબત મુકાવી દીધું પણ હોય! પણ મીરાંનો અચલ વિાસ કે ગિરધારી એનું રક્ષણ કરશે જ, એ વિાસ જ આવા ચમત્કારો સર્જી શકે છે.એવું જ નરસિંહ મહેતાની હુંડીનું પણ છે. એમણે જૂનાગઢ આવેલા યાત્રિકો પાસેથી પૈસા લઈને હુંડી લખી દીધી. પણ કેવો વિાસ કે જેના નામે હુંડી લખી છે, એ શામળિયો શેઠ જરૂર હુંડીની રકમ પાછી વાળશે. આવો દઢ વિાસ હોય, તો જીવનમાં કંઈ જ મુશ્કેલ રહેતું નથી. ફક ભક્મિાં જ વિાસની જરૂરરહે છે એવું નથી. જીવનના કોઈપણ ક્ષેત્રમાં વિાસ જરૂરી છે.જયારે એડિસન વીજળીના ગોળાને બનાવી રહ્યો હતો, ત્યારે અસંખ્ય પ્રયોગો કર્યા પણ વીજળી ચાલુ થતાં જ તેની અંદરનો તાર બળી જતો, એટલે અજવાળું આવે એવો બલ્બ તૈયાર થઈ શકતો નહોતો. એના સાથીદારો કંટાળી ગયા અને કહેવા લાગ્યા, 'આમાં હવે કૂયારેય સફળતા મળવાની નથી. તાર વીજળીને ધારણ કરી શકે એવો કૂયારેય બનવાનો નથી. નકામી મહેનત કરવા હવે અમે તૈયાર નથી.' અને તેઓ તેને છોડીને ચાલ્યા ગયા. પણ એડિસને વિાસ ટકાવી રાખ્યો અને કહ્યું : 'હું જરૂર આમાં સફળ થઈશ.' આખરે તેણે વીજળી વહન કરી શકે એવો તાર બનાવવામાં સફળતા મેળવી.કોલંબસ પણ જયારે ભારતને દરિયાઈ માર્ગે શોધવા નીકળ્યો, ત્યારે બે વાર તો મુશ્કેલીઓને કારણે તે શોધી શકૂયો નહીં. ત્રીજી વાર પણ સાથીદારોએ વિરોધ કર્યો. દરિયામાં તોફાન નડ્યું. પણ તેને અંતરમાં ખાતરી હતી કે તે જરૂર નવો દેશ શોધી શકશે અને આખરે તે ભલે ભારત સુધી ન પહોંચી શકૂયો પણ નવો દેશ અમેરિકા શોધી શકૂયો.

આમ, કોઈપણ ક્ષેત્ર હોય, પછી તે ધર્મ અને ભકિત કે વિજ્ઞાન કે ટકૂનાલાજી કે પછી ખગોળ કે ભૌતિકશાસ્ત્ર હોય, તેમાં નવું સંશોધન કરનારાઓ ત્યારે જ સફળતા મેળવે છે કે જયારે તેમનામાંલેશમાત્ર પણ શંકા ન હોય. આથી જ કહી શકાય કે પ્રગતિનો માર્ગ વિાસ અને દઢસંકલ્પથી ખૂલે છે અને તેનાથી જ એ માર્ગ ઝડપથી લક્ષ્યાંકે પહોંચાડે છે.

# બાલ એક્સપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## 'જટાયુ જીવતો થયો' –બળવંતસિંહ–ગુણવંત શાહ

**ગાંધી–ગંગા** (બે ભાગમાંથી પસંદ કરેલું આચમન) સંપાદક : મહેન્દ્ર મેઘાણી

જટાયુ મારૂં 'રામાયણ'નું સૌથી પ્રિય પાત્ર છે. રામ કરતાં પણ વધારે પ્રિય પાત્ર જટાયુ છે મારૂં. અત્યારે આપણે જે સમસ્યાઓમાંથી પસાર થઈ રહ્યા છીએ એ સમસ્યાનો ઉકેલ માત્ર જટાયુ પાસે છે. આ જટાયુ કોણ છે ?જટાયુને માટે મેં શબ્દો વાપર્યા છે : 'પારકી છઠ્ઠીનો જાગતલ. સીતાના અપહરણ વખતે જટાયુ જયારે પોતાનું બલિદાન આપવા તૈયાર થયો, ત્યારે ગીધોના સમાજમાં જે વ્યવહારૂ લોકો હતા એમણે કહ્યું હશે કે "જટાયુ, આ રામ ને રાવણની તકરારમાં તું કાં પડ્યો ? એ બહુ બળવાન લોકો છે. એમાં તારો પત્તો નહીં લાગે. રાવણ કૂયાં અને તું કૂયાં ? જરા વિચાર કર."તો જટાયુએ વડીલોને જવાબ આપ્યો : ' 'મારા જીવતાં રાવણ સીતાનું અપહરણ કરી શકે નહીં. મારા જીવતાં ન થઈ શકે.'' અને જટાયુ લડ્યો.ગાંધીજીના ગયા પછી આ સમાજની જટાયુવૃત્તિ ખતમ થતી ગઈ છે. આ સમાજનું એક ધ્રુવ વાકૂય છે કે, આપણે એમાં શું કરી શકીએ ?ગાંધીજી ચંપારણ ગયા. ચંપારણમાં એમ કહી શકૂયા હોત કે, આપણે તો હવે શું કરી શકીએ ? બારડોલી ગયા ત્યારે બોલી શકૂયા હોત કે, આપણે એમાં શું કરી શકીએ ? ખેડૂતના મહેસૂલનો પ્રશ્ન છે ને એમાં આપણે કૂયાં પડીએ ? તો ' આપણે એમાં શું કરી શકીએ ?' એમ બોલતાં બોલતાં જ ગાંધીજી વિદાય થયા હોત. અંગ્રેજોના રાજમાં એવું જ હતું કે ઘણાખરા લોકો બોલતા કે, અંગ્રેજ સરકાર સામે આપણે નહીં પહોંચી વળીએ. આ જ દેશમાં માટીમાંથી મરદ બનાવ્યા ગાંધીએ. આ નિર્વીર્ય સમાજ હતો તદ્ન. એની પાસે ગાંધીએ જે રીતે કામ લીધું એમાં જટાયુ જીવતો થયો.

## જિનેટ પ્રાણી કોના જેવું છે

જિનેટને જોતાં બિલાડી જેવું લાગે, પરંતુ તેના શરીર પરનાં ટપકાં જોતાં ચિત્તા જેવું લાગે. જોકે જિનેટને બિલાડીનું દૂરનું સંબંધી અને



નોળિયાનું નજીકનું સંબંધી માનવામાં આવે છે. જિનેટ મધ્ય–પૂર્વીય આફ્રિકામાં જોવા મળતું પ્રાણી છે. તે નોળિયો અને નાના ચિત્તાની સંકરજાતિ હોય તેવું લાગે લાગે છે. તે એટલા માટે કે તેના શરીર પરના ટપકાં ચિત્તાની અને શરીરનું કદ નોળિયાની પ્રતીતિ કરાવે છે.


તેનું શરીર લાંબું, પગ ટૂંકાં, નાકતીક્ષ્ણ અને મોઢું પાતળું હોય છે. તેના શરીર પર ચાંદેરી–ભુખરા, ચમકતા, સુંવાળા અને નરમ વાળ હોય છે તેમજ શરીરની પૃષ્ઠ બાજુએ એટલે કે ઉપરની બાજુએ કાળા રંગના ગોળ ટપકાંના નિશાન હોય છે. ગળા પાસે કેશવાળી હોય છે. તેમની પૂંછડીમાં કાળ ા–સફેદ પટ્ટા હોય છે. સામાન્ય રીતે જિનેટના શરીરની લંબાઈ ૪૦ થી ૫૫ સેન્ટિમીટર જેટલી હોય છે તેમજ તેની પૂંછડીની અને શરીરની લંબાઈમાં થોડો



ઘણો જ ફેરફાર હોય છે. તેની પૂંછડીની લંબાઈ ૪૦ થી ૫૧ સેન્ટિમીટર હોય છે. જિનેટનું વજન દોઢથી અઢી કિલોગ્રામ જેટલું હોય છે. તેમના રિટ્રેક્ટેબલ (પાછળ ખેંચી શકાય તેવા) પંજાને લીધે ચઢાણમાં તેઓ ચપળ હોય છે.

જિનેટ ખૂબ જ ચંચળ પ્રાણી છે. સામાન્ય રીતે તેઓ ચાલવા, દોડવા, કૂદકા મારવા અને વૃક્ષ પર ચડવા ચારેય પગનો ઉપયોગ કરે છે, પરંતુ તેઓ બે પગે પણ ઊભા રહી શકે છે. મોટા ભાગે નર, માદા કરતાં વધારે સક્રિય જોવા મળે છે. નરને શારીરિક જરૂરિયાત પૂરી કરવા માટે આમ પણ વધુ શકિત અને ખોરાકની જરૂર પડતી હોય છે. જયારે માદાનું વજન ઓછું હોય છે. અને તેઓ એકંદરે ઓછા સક્રિય હોય છે. આ પ્રાણીઓ મિશ્રાહારી છે. તેઓ લીલોતરી અને પહેલેથી મરેલા ઉંદરો ખાવાનું પસંદ કરે છે. સામાન્ય જિનેટ નાના સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ, ગરોળી, ઉભય જીવીઓ, ડીટકો, ફળો અને ઈંડા પર નભે છે.

## જાતે બનાવો
## કાગળની માછલી



**જોઇતી વસ્તુઓ :**

- રંગીન કાગળ
- સ્કેચ પેન


**કઇ રીતે બનાવશો ? :**

- ચોરસ કાગળનો ટુકડો લો.

આપેલા ચિત્રો મુજબ જોઇને કાગળને વાળો. શું માછલી જેવો આકાર બને છે ? હવે કાળી સ્કેચપેનથી માછલીની આંખો અને મોઢું દોરો. હવે તમારી કાગળની માછલી તૈયાર છે.

## મુખ્ય આકારો

**રસ્તો આપો (GIVE WAY) :**



ઊંધા ત્રિકોણાકારે લાલ રંગથી બનેલા આ ચિહનનો અર્થ છે રસ્તો આપો. તેની વિગતવાર અર્થ છે કે આપનું વાહન ધીમું કરો અથવા થોભો અને આપની જમણી બાજુથી આવનાર વાહનને અગ્રિમતા આપો. જમણી બાજુનાં વાહનો પસાર થઈ ગયા બાદ સાવચેતીપૂર્વક આગળ

**સલામત માર્ગ**

વધો. આ પ્રકારનાં ચિહનો મુખ્યત્વે ત્રણ રસ્તા, ચાર રસ્તા અને જયાં ટ્રાફિકનો અમુક ભાગ જોવા સંભવિત ન હોય એટલે કે આંધળો વિસ્તાર (Blind Spot) પર મળે છે.

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા


### દ્વંદ્વ

જગતમાં શુભ – અશુભ, દિવ્ય – દુરિત, ભદ્ર – અભદ્ર વચ્ચે યુધ્ધ સતત ખેલાતું જ રહે છે. અંતિમ વિજય શુભ, દિવ્ય, ભદ્રનો જ થાય છે. હા કયારેક એ સૂર્ય અમંગલના વાદળો વચ્ચે ઢંકાય છે ખરો... શુભ–અશુભના ધારકોની રાશિ પણ એક હોય છે. રામ અને રાવણ, કૃષ્ણ અને કંસ, ગાંધી અને ગોડસે, મોહનદાસ અને મહમ્મદ અલી... જાત ભીતરની જાત્રા કરીશું તો ત્યાં પણ એક કુરૂક્ષેત્ર જોવા મળે છે, જયાં અઢાર અક્ષૈહિણીની લડાઈ ચાલુ જ હોય છે !

## બિરંજ, પૂરી ને મઠો !

**બકોર પટેલની કહાણીઓ**
હરિપ્રસાદ વ્યાસ

"તો વાત એમ છે, કે આપણે બધાનાં નામની ચિઠ્ઠી બનાવીએ. પછી ગમે એક જણ એમાંથી એક ચિઠ્ઠી ઉપાડે. જેનું નામ નીકળે તે ઉજાણીનો બધો ખરચ આપે." ટીમુ પંડિતે પોતાની વાત પૂરી કરી.પટેલ કહે : "વાહ ભાઈ વાહ ! જુગતી તો સારી શોધી કાઢી. આપણને એ વાત બિલકુલ પસંદ છે." હાથીશંકર બોલ્યા : "પણ એ ચિઠ્ઠી ઉપાડે કોણ ?"બધાં બોલી ઊઠ્યા : ' 'બકોર પટેલ, બકોર પટેલ !"ટીમુ પંડિતે હસતાં હસતાં કહ્યું : "હા, હા. પટેલને હાથે જ ચિઠ્ઠી ઉપડાવવી."જાણે પોતાને ભારે માન મળ્યું હોય એમ સમજી, બકોર પટેલે ખભા પરનો ખેસ બરાબર કરતાં હસીને કહ્યું : "ભાઈ, આપણે કૂયાં ના કહીએ છીએ ? જેનું નસીબ જશવંતુ હશે તેનું નામ નીકળશે."ટીમુ પંડિતે એક કાગળ મંગાવ્યો. મિત્રમંડળના સભ્યોની સંખ્યા જેટલા એકસરખા કાગળના ટુકડા બનાવ્યા. ગજવામાંથી ઝરણી કાઢી નામ લખ્યાં.પછી એ કાગળના ટુકડાઓની બારીક ઘડીઓ વાળી. એ બધી ઘડીઓને હથેળીમાં લઈ મસળ ી મસળીને ગોળ ગોળ પિંડાં બનાવ્યાં ને પટેલ આગળ મૂકૂયાં. "લો, પટેલ સાહેબ ! હવે ભગવાનનું નામ દઈને ઉપાડો એક કાગળની પિંડી." ટીમુ પંડિતે કહ્યું.પટેલ તો મલકાય, કંઈ મલકાય ! પહેલાં એમણે આંખો મીંચી, જાણે જાદુમંતર કરતાં હોય તેમ. પણ શકરી પટલાણી તરફ નજર જતાં જ એ સાવધ બન્યા. આમતેમ હાથ હલાવી બધી પિંડીઓને ફેરવી જોઈ અને પછી હસતાં હસતાં એક ઉપાડી.પટેલે આંખ પર ચશમાં ચઢાવ્યાં અને ચિઠ્ઠીના કાગળને મહા મુસીબતે બરાબર પહોળો કર્યો ને આંખ આગળ ધર્યો. કાગળ વાંચતાં જ એમનાં ચશમાં છેક નાકના ટેરવા પર સરકી આવ્યાં ! એમના મોઢાનો દેખાવ જોવા જેવો હતો. એ બોલી ઊઠ્યા : "હેં હેં હેં એં એં એં એં....?"બાકીની ચિઠ્ઠીઓ બન્ને હાથે વીણી લેતાં ટીમુ પંડિતે કહ્યું : "શું છે, પટેલ સાહેબ ?"પટેલ હસતાં હસતાં કહે : "લો, વાંચો. આ બિરંજ, પૂરી ને મઠો તો મને જ ભારે પડ્યો !"ટીમુ પંડિતે કાગળની કાપલી પહોળ ી કરી વાંચી. એમાં નામ હતું : બકોર પટેલ.શરત એટલે શરત. વચન કંઈ બદલાય ? પટેલે હાથમાંની ચિઠ્ઠી રીસમાં ને રીસમાં ફાડી નાખતાં કહ્યું : ' 'ભાઈઓ, આવતા રવિવારે એ ઉજાણી અમારે બંગલે ઉજવાશે. સાંજના પાંચ વાગે બધાંએ આવી રહેવાનું. ગેરહાજર સભ્યોને પણ ખબર આપજો." **(ક્રમશ:)**





બાલમિત્રો,

તમારા જીવનમાં કયારેક એવું બન્યું હશે કે, મમ્મી–પપ્પા કહેતા હોય કે દીકરા તો આવું બનવું, જોઈએ, આવું બનાવવું જોઈએ, કેવો નમૂનો તૈયાર કર્યો છે ? ત્યારે તમારો જવાબ હશે કે, "મમ્મી, મને એવું ન આવડે, મને એવું બનાવવું ગમતું નથી." આવું જયારે થાય ત્યારે આપણામાં રહેલી સર્જકતાને દુર હડસેલી મૂકીએ છીએ. બાળમિત્રો, દરેક બાળકમાં કંઈકને કંઈક, વધુ – ઓછી સર્જકતા ઈશ્વરે આપેલી જ હોય છે. એનો આપણો ઉપયોગ કરવાનો હોય છે. તમે જેવોએક નાનકડું ચક્કર ઘડિયાળને કેવું ચલાવે છે ? એક મશીનમાંથી નાનકડી ખીલી નીકળી જાય તો મશીન બંધ પડી જાય છે. ત્યારે નાનકડી ખીલી, બોલ્ટ અગત્યનાં હોય છે. એમ આપણામાં પડેલી શકિત, બુદ્ધિ, આવડત ભલે ઓછી હોય તો પણ તેને કામે લગાડવા જોઈએ, જેથી તેનો લાભ લઈ શકાય.આપણો તો કહી દઈએ છીએ કે, "મારાથી નહિ થાય, આ મારૂ કામ નહિ પણ પ્રશ્ન થવો જોઈએ "કેમ ન થાય ? હું કહી શકીશ. તો જગતમાં એવું કાઈ કામ નથી કે જે આપણાથી ન થાય. એટલે હિંમતથી કહેવાનું બાળમિત્રો, " આ હું કહી શકીશ, આમ કેમ"

## પગલે પગલે મોતી

**સંસ્કાર ગાથા** શ્રી ગિજુભાઈ બધેકા – પૂ.શ્રી મુકતાનંદ બાપુ

રાજા દેવલદેવે એ જ વખતે પોતાના નોકરને ગમે તે કિંમતે બળદ ખરીદીને લાવવા માટે મોકલી દીધો.પણ ખેડૂત તો હઠ પકડીને જ બેઠો હતો. :' ના, પહેલાં બળદ મગાવી દે,પછી જ હું એને છોડીશ. મારૂં ખેડકામ અટકે, એનું શું ?બસ, એટલું બોલીને એ ખેડૂતે છીની પીઠ પર લાકડી ફટકારી.રાજાને થયું કે એ માર જાણે એની પીઠ પર પડયો.લાકડી ફટકારીને એ ખેડૂત પોતાની પત્નીને શબ્દોથી ફટકારવા લાગ્યો :'એ ય, ઊભી ન રહે. આગળ ચાલ. આની મીઠી મીઠી વાતોથી આપણાં પેટ નહિ ભરાય, સમજી ?'બે જાતના માર પડવાથી એ સ્ત્રી કણસી ઊઠી. રાજાથી એ સ્ત્રી પરનો અત્યાચાર સહન ન થયો. એ ખેડૂતને કરગરવા લાગ્યો :' મારા ભાઈ, મારી આ બહેનને હળથી છૂટી કરી. હું એને બદલે જોતરાઉં છું. નવો બળદ આવે, ત્યારે મને છૂટો કરજે.'રાજાએ પોતાના ગળે હળનું જોતરૂં ઉઠાવ્યું. હળથી છૂટેલી એ ખેડૂત પત્નીના મનમાંથી રાજાને માટે આવી વાણી સરી પડી : 'જુગ જુગ જીવો, અન્નદાતા. તારૂં રાજ અમર બને.'રાજાએ પોતાની પીઠ ઉપર ત્રણ લાઠી માર ખાધો ત્યાં તો રાજનો ચાકર બળદ લઈને આવી ગયો. રાજાની આવી હાલત જોઈને એ કકળી ઉઠ્યો. એ મૂરખ ખેડૂતને સજા કરછા આગળ ધપ્યો, પણ રાજાએ એને અટકાવી દીધો.જોત જોતામાં, થોડા દિવસોમાં જ ખેતરોમાં પાકના છોડ મોટા થવા લાગ્યા. ખેતરો લીલી ચાદર ઓઢીને લીલુંલીલું હરખી ઉઠ્યાં છોડ પર પાક બેસવા લાગ્યો. મકાઈના દૂધિયા દાણા પાકા થવા લાગ્યા.ખેડૂત રોજ પોતાના ખેતરે આવતો અને લહેરાતા પાકને જોતો ને હરખી ઊઠતો.એક વખત એની આંખો થંભી ગઈ. ખેતરના થોડા ભાગમાં તો છોડ ઉપર પાક બેઠો જ નહોતો. એણે ઝીણી નજરે જોયું, તો જે જગ્યાએ રાજા હળે જોતરાયો હતો, એ જગ્યાએ છોડ તો બરાબર ઊગ્યા હતા : પણ એ છોડ ઉપર મકાઈના દાણાં નહોતા બેઠા.બીજા છોડ પર મકાઈના ડોડા પાકવા લાગ્યા હતા, પણ રાજાએ જે જે જગ્યાએ પગ મૂકૂયો હતો તે તે જગ્યાએ મકાઈના ડોડા પાકૂયા નહોતા.ખેડૂત એકદમ ધૂંવાફૂંવા થઈને પોતાને ઘેર આવ્યો અને મોટે મોટેથી પત્નીને ધમકાવા લાગ્યો : 'અલી એ ય, તું કહેતી હતી ને કે રાજા મોટો ધરમાત્મા છે. સાંભળ, એ પાપીએ જયાં જયાં પગ મૂકૂયો હતો, ત્યાં ત્યાં છોડ ઉપર એક પણ દાણો ફૂટયો નથી.'એ મોટે મોટેથી રડવા લાગ્યો :'અરેરે મારૂં તો નસીબ ફૂટ્યું. રાજા, તારૂં નખ્ખોદ જાવ'કોણ જાણે કેમ, પણ ખેડૂત પત્નીને પોતાના પતિની વાત પર ભરોસો ન બેઠો. બસ, એ સ્ત્રીની આંખો સામે રાજાની દયાળુ મૂર્તિ નાચતી જ રહી. એણે પોતાના પતિને કહ્યું :'હાલો, હું તમારી હારે ખેતરે આવું છું. હું રાજાને પાપી નહિ, પણ મોટા પુણ્યશાળી માનું છું.'એ બન્ને દોડતાં ખેતરે ગયાં. ખેતરે જઈને ખેડૂતે ચીંધાડયા તે મકાઈના ડોડાનાં છોતરાં ઉખેળીને જોયું તો દાણાને બદલે સાચાં મોતી બાઝેલાં. એ ચળકતા, સાચાં મોતી હાથમાં લઈને ખેડૂતની પત્ની બોલી :**(ક્રમશ:)**

## ટાબરીયાનું જંગ : રસ્તો કરી જવાના...

"ચલો ! દિશા વિ ! વનદેવતાએ આપણે માટે ખટ્ટા મીઠ્ઠા ફળો રાખ્યાં છે." બોલતાં બોલતાં તેણે હીરોને સંભાળી લીધો.ખટ્ટાં મીઠ્ઠાં ફળો સાંભળતાં જ દિશાએ ધરા ગઈ એ દિશામાં ગિલોલ લઈને દોડવા માંડ્યું. ધરા સૂકાઈ ગયેલાં ફટ ફટ ફૂટતાં છોતરાં કાઢી રહી હતી. દિશાએ ચપ દઈને મોઢામાં મૂકી ચૂસવા માંડી. વિશુના મોંમાં પાણી આવી ગયું. તેણે પણ ચૂસવા માંડી.પછી ધીરેથી બોલ્યો, "પણ આ સાવ સૂક્કી છે."ધરાએ કહ્યું, "ખરેખરી ટેસ્ટી ઈમલી માર્ચ મહિના સુધી જ મળે. પછી એ સાવ સૂક્કી થઈ જાય છે. અહીં સુધી કોઈ વનમાં આવતું નહીં હોય. એટલે આ ખજાનો મળી ગયો.""આપણે જીપગાડીમાં જંગલમાં આવતાં હતાં ત્યારે આનાં ઝાડ સૌથી વધારે દેખાતાં હતાં." આમળાં કરતાં આની ખટાશ જુદી છે. આનાં કચૂકા શેકીને પણ ખાઈ શકાય." દિશાએ કચૂકા કાઢીને આંબલી હીરોને ચૂસવા આપતાં કહ્યું. હીરોના મોઢાનાં હાવભાવ જોવા જેવા હતા."હવે તને દિશા દીદી દરરોજ મીઠી મીઠી ફૂટીને બદલે ખટ્ટી ખટ્ટી ઈમલી ચૂસવા આપશે." વિશુએ હીરોના ગાલ પર ચીમટો ભર્યો.તેમણે ઈમલીની પોટલી ભરી થેલામાં મૂકી આગળ ચાલવાનું શરૂ કર્યુ.ભોંય પર પાંદડાંનો ખખડાટ સંભળાઈ રહ્યો હતો. એ તરફ જોતાં ટાબરિયાંઓની આંખો ફાટી ગઈ ! એક લાંબો સા.....પ! પગરવનો અણસાર આવતાં જ ફેણ માંડીને ચોફેર જોવા લાગ્યો.' 'ઓફફો ! આ તો નાગરાજ !" ધરાની ચીસ થીજી ગઈ !તેણે હીરોને બરાબર ભીંસી રાખ્યો. તેની ફેણ પર ગાયનાં પગલાં જેવાં નિશાન જોઈને ધરાએ અનુમાન કર્યુ. વિશુએ હિંમત કરીને નિશાન તાકીને ફાયરિંગ કર્યુ. ધડાકો થયો. ગોળી નિશાનચૂકી ગઈ. કોબ્રા છંછેડાયો. ભાગવાને બદલે તેણે ફેણ ઊંચી કરી ને આક્રમક મિજાજમાં ફેણ હલાવવા લાગ્યો." સસસસ....." કોઈ માણસનો ાસ ઘૂંટાતો હોય એવો અવાજ એ કરતો હતો.

અચાનક એક મોટોમસ ઉંદરડો ભોંયની ફાંટમાંથી નીકળી આવ્યો. સાપે ચપળ તાથી ફેણ પછાડી ડંખ માર્યો. અરે, આ શું ? પેલાં ઉંદરનાં શરીરનાં વાળ કડક કાંટાની ઊભા થઈ ગયા હતા !"એ ચૂંચૂં નથી નોળિયો છે." ધરાએ હરખ ભરી બૂમ પાડી, "ડાયરીમાં નોંધ છે. નોળિયો કુદરતનો શાંત પણ અડગ યોદ્ધો છે."બાળકોને એ વાત સાચી જણાઈ. નોળિયો પણ પોતાના શરીરને તણાવમાં લાવ્યો. ને સાપની ફરતે ગોળાકારમાં વળી ગયો. સાપ પણ તેની ફરતે વીંટળાઈ વળ્યો. એક બે ઘાતક ડંખ માર્યા. પણ નોળિયાના ચિવ્વડ ચામડા પર તેની જરીકેય અસર ના વરતાઈ. તેની ચીકણી ચામડી જયારે સાપની ચામડી સાથે ઘસાઈ રહી હતી ત્યારે "ખૂરરર છશશશ" એક પ્રકારનો રગડાવાળો અવાજ સંભળાઈ રહ્યો..

બંને બળિયા એકબીજાને પૂરી તાકાતથી ભીંસમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા.' 'ક્રરરર...." એવું લાગ્યું કે સાપની પેશીઓ ખેંચાઈ રહી છે. સાપ ાસ લેતો બંધ થાય એવું દબાણ નોળિયો વધારી રહ્યો. બેમાંથી એકનું મોત નિશ્ચિત થઈ રહ્યું હતુંવિશુએ ધરા દિશાને હળવેથી છટકી જવા માટે ઈશારો કર્યો.

તેઓનો રસ્તો સહેજ ફંટાઈ રહ્યો હતો. ભયથી મૂડ ફિક્કો પડી ગયો હતો. દિશાએ એક એક કટકો આંબલીનો ચૂસવા માટે આપ્યો. તેના ખાટાં રસથી રસના ભીંજાઈ ને પછી કંઈક મૂડ બન્યો. પણ મનમાં મૂળિયાં નાંખી બેઠેલો એ ખૂંખાર જંગ ઘણું બધું શીખવી રહ્યો હતો. તેઓ વધારે સાવધ થઈને રસ્તો કાપતાં રહ્યાં.ધોળાં ધોળાં રૂનાં ઢગલાં જેવી ઢંવાટીવાળાં સસલાં ભાગમભાગ કરતાં જોયાં. વિશુ દિશા પણ તેમની પાછળ દોડયાં ને થાકોડો ખાતાં થોભ્યાં પણ ખરાં.આખરે બપોર પણ ઢળી ગઈ. એકાએક વાતાવરણમાં પલટો આવ્યો ને જંગલ શાંત થઈ ગયું. ધરાને ફિકર થવા લાગી. હજી માનવ વસાહત કે એકાદું મનેખ કે ઝૂંપડુંય નજરે ના ચડ્યું! શું આ જંગલને કોઈ છેડો જ નહીં હોય ?એકાએક વિ ચીસ પાડી ઊઠ્યો !"શું થયું ?" ધરા દિશા પૂછવાં લાગ્યાં.વિ ધ્રુજી રહ્યો હતો. તેણે આંગળી ચીંધીને કોતર બતાવ્યું."ઓ ભગવાન ! આપણે તો ગોળ ગોળ જ ફર્યા કર્યુ છે !" ધરાએ કપાળે હાથ પછાડ્યો." ઓ માય ગોડ ! આપણે અહીંથી નાહીને નીકળ્યાં હતાં એ કોતર પાસે જ આવી ગયાં છીએ. એટલે કે રસ્તો ભૂલી ગયાં છીએ." દિશા ફસડાઈને બેસી પડી. **(ક્રમશ:)**

પાના ૧ ઉપરનું ચાલું

## બાબરાનાં મોટા દેવળીયા, ધરાઈ ગામને

છે.

વધુમાં જણાવેલ છે કે, વિસ્તારની અંદાજે ૨૫૦ એકર જેટલી જંગલજમીનમાં અઢળક પશુ–પક્ષીઓ વસવાટ કરે છે. પાણીના અભાવે નિર્દોષ પશુઓ અને પક્ષીઓ પોતાના જીવ ગુમાવી રહ્યા છે. એક તરફ સરકાર પર્યાવરણ સંરક્ષણ અને જીવદયા અંગે મોટા મોટા દાવા કરે છે, પરંતુ બીજી તરફ પાણીના અભાવે જંગલ વિસ્તારના મૂંગા જીવો તડપી તડપી મોતને ભેટે છે જે અત્યંત દુઃખદ અને માનવતાને શરમાવે તેવી પરિસ્થિતિ છે.

તે ઉપરાંત મોટા દેવળીયા ગામની અંદર "સુવિધાપથ યોજના" હેઠળ રોડ બનાવવા માટે આશરે દોઢ કરોડ રૂપિયા ફાળવવામાં આવેલ હોવાનું ગ્રામજનોને જાણવામાં આવેલ છે છતાં આજદિન સુધી રોડનું કામ શરૂ કરવામાં આવેલ નથી. સરકાર ધ્વારા વિકાસના નામે જાહેરાતો કરવામાં આવે પરંતુ વાસ્તવમાં કામો વર્ષો સુધી અધુરા રાખવામાં આવે તે ગ્રામજનો સાથે અન્યાય સમાન છે.

વધુમાં દેવળીયાથી ત્રંબોડા જવાના માર્ગ પર દેવળીયાના પાદરમાં પુલ બનાવી આપવા બાબતે પણ અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે છતાં આજદિન સુધી કોઈ કામગીરી કરવામાં આવેલ નથી. પુલના અભાવે ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. વરસાદી ઋતુ દરમિયાન લોકોના અવરજવર, વિદ્યાર્થીઓના અભ્યાસ, દર્દીઓની સારવાર તેમજ ખેડૂતોના દૈનિક જીવન પર ગંભીર અસર પડે છે. તંત્રની નિષ્ક્રીયતાનાં કારણે ગ્રામજનો વર્ષોથી મુશ્કેલીઓ સહન કરી રહ્યા છે.

પાણી, રસ્તા અને અવરજવર જેવી મુળભૂત સુવિધાઓ જનતાનો અધિકાર છે, ઉપકાર નથી. ભારતના બંધારણની કલમ ૨૧ અંતર્ગત માનવ જીવનના અધિકારમાં પીવાનું પાણી, માર્ગ વ્યવસ્થા અને સુરક્ષિત જીવનનો સમાવેશ થાય છે. છતાં મોટા દેવળીયા ગામ આજે પણ વિકાસથી વંચિત રાખવામાં આવ્યું હોય તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે.

આ રજૂઆત માત્ર પશ્નોની યાદી નથી પરંતુ ગામના લોકોની પીડા, ખેડૂતોની વેદના અને મૂંગા પશુ–પક્ષીઓના જીવ બચાવવાની વ્યથા છે. જો આગામી ૧૦ દિવસમાં આ પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવવામાં નહી આવે તો ગ્રામજનોએ બંધારણીય હકક મુજબ ગાંધી ચિંધ્યા માર્ગે શાંતિપૂર્ણ આંદોલન, ઉપવાસ આંદોલન તથા જનહિતના લોકશાહી કાર્યક્રમો શરૂ કરવાની ફરજ પડશે, જેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત તંત્ર અને વહીવટી અધિકારીઓની રહેશે તેમ અંતમાં જણાવેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૦ | ૧૮૬૧ |
| ૨ | મગફળી | ૧૧૯૧ | ૧૧૯૧ |
| ૩ | ચણા | ૧૦૨૧ | ૧૦૮૫ |
| ૪ | જુવાર સફેદ | ૭૦૧ | ૮૨૩ |
| ૫ | તલ સફેદ | ૨૨૨૫ | ૨૨૬૦ |
| ૬ | તલ કાળા | ૩૧૭૫ | ૩૧૭૫ |
| ૭ | એરંડા | ૧૧૦૦ | ૧૨૪૧ |
| ૮ | જીરૂ | ૩૨૧૦ | ૩૩૦૦ |
| ૯ | મગ | ૧૬૩૧ | ૧૬૭૧ |
| ૧૦ | મેથી | ૯૨૦ | ૧૧૧૨ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૨૧ | ૧૯૭૯ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૩૫ | ૧૫૯૫ |
| ૩ | મગફળી | ૧૨૬૦ | ૧૩૮૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૩૦ | ૨૨૫૦ |
| ૫ | તલ કાળા | ૨૮૯૫ | ૩૩૧૫ |
| ૬ | જીરૂ | ૨૯૩૦ | ૩૮૦૦ |
| ૭ | ચણા | ૧૦૮૫ | ૧૧૨૫ |
| ૮ | ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ૯ | એરંડા | ૧૦૬૫ | ૧૧૮૫ |
| ૧૦ | મગ | ૧૪૩૦ | ૧૬૪૦ |
| ૧૧ | તુવેર | ૧૧૪૫ | ૧૪૨૫ |
| ૧૨ | ધાણા | ૧૪૯૫ | ૨૪૮૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ગીરનાર શીંગ | ૧૩૩૦ | ૧૩૩૦ |
| ૨ | શિંગ મોટી | ૧૨૧૦ | ૧૪૮૫ |
| ૩ | શિંગદાણા | ૧૯૧૦ | ૧૯૫૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૮૯૫ |
| ૫ | તલ સફેદ | ૧૨૪૦ | ૨૪૭૦ |
| ૬ | તલ કાળા | ૨૧૭૦ | ૩૫૮૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૦૯૦ | ૨૨૯૫ |
| ૮ | બાજરો | ૪૫૫ | ૪૯૦ |
| ૯ | જુવાર | ૫૪૦ | ૯૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૫૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૭૦ |
| ૧૨ | મકાઈ | ૩૨૦ | ૩૨૦ |
| ૧૩ | મગ | ૧૩૦૦ | ૧૭૨૦ |
| ૧૪ | અડદ | ૧૦૫૦ | ૧૫૩૦ |
| ૧૫ | ચણા | ૮૦૦ | ૧૧૨૫ |
| ૧૬ | ચણા દેશી | ૯૦૦ | ૧૦૮૫ |
| ૧૭ | સફેદ ચણા | ૧૦૬૦ | ૧૧૫૫ |
| ૧૮ | છોલે ચણા | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ૧૯ | તુવેર | ૮૫૫ | ૧૫૯૦ |
| ૨૦ | વાલ | ૧૧૫૦ | ૧૬૦૦ |
| ૨૧ | કપાસ | ૯૮૦ | ૧૯૭૦ |
| ૨૨ | એરંડા | ૧૦૩૦ | ૧૨૯૦ |
| ૨૩ | જીરૂ | ૨૪૦૦ | ૩૪૬૦ |
| ૨૪ | રાયડો | ૧૧૦૦ | ૧૧૧૦ |
| ૨૫ | રાય | ૧૪૨૦ | ૧૪૨૦ |
| ૨૬ | ધાણા | ૨૦૬૫ | ૨૩૧૫ |
| ૨૭ | ધાણી | ૧૯૫૫ | ૨૭૯૦ |
| ૨૮ | અજમા | ૨૦૦૦ | ૨૨૦૫ |
| ૨૯ | મેથી | ૧૧૦૦ | ૧૨૫૫ |
| ૩૦ | સોયાબીન | ૧૨૫૦ | ૧૫૨૫ |
| ૩૧ | વરીયાળી | ૧૦૩૦ | ૨૦૮૦ |
| ૩૨ | સુવાદાણા | ૯૦૦ | ૧૩૩૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં ખેડૂતો ડીઝલની અછતથી

ખોરવાઈ રહ્યું છે. જેને લઈ અનેક ખેડૂતોને દિવસનો અડધો સમય માત્ર ડીઝલ તથા ખાતર મેળવવા માટે લાઈનમાં જ પસાર કરવો પડી પડે છે.

લાઠીના ખેડૂત ધરમશીભાઈએ પોતાની વ્યથા વ્યકત કરતા જણાવ્યું હતું કે, "એક બાજુ ખાતર માટે લાઈનમાં ઉભું રહેવું પડે છે અને બીજી તરફ ડીઝલ માટે ટ્રેકટર લઈને કલાકો સુધી રાહ જોવી પડે છે. આવી પરિસ્થિતિમાં ખેતી કરવી મુશ્કેલ બની ગઈ છે."

બીજા ખેડૂત સંજયભાઈએ જણાવ્યું હતું કે, "વ્હેલી સવારથી ટ્રેકટર લઈને લાઈનમાં ઉભા રહીએ છીએ છતાં માત્ર એક હજાર રૂપિયાનું જ ડીઝલ આપવામાં આવે છે. ડીઝલ મેળવવા જતાં જ અડધું ડીઝલ તો ડીઝલ મેળવવામાં જ ખર્ચાઈ જાય છે."

ડીઝલની અછતને કારણે ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે જોડાયેલા લોકોનું પણ કહેવું છે કે ડીઝલના અભાવે વાહનો બંધ રાખવાની સ્થિતિ સર્જાઈ રહી છે. જિલ્લામાં ડીઝલની સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા લોકો દ્વારા માંગ ઉઠી રહી છે.

**રાજુલા–જાફરાબાદ**

રાજુલા–જાફરાબાદ પંથકમાં ડીઝલની અછતને લઈને ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. રાજુલા–સાવરકુંડલા રોડ ઉપર આવેલા પેટ્રોલ પંપ પર વ્હેલી સવારથી જ ખેડૂતો ટ્રેકટરો લઈને લાંબી લાઈનમાં ઊભા રહ્યા હતા. કાળઝાળ ગરમી અને સતત વધી રહેલા તાપમાન વચ્ચે કલાકો સુધી રાહ જોવી પડતાં ખેડૂતોમાં આક્રોશ ફેલાયો હતો અને અંતે ખેડૂતો રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરી ચક્કાજામ કર્યો હતો.

છેલ્લા પાંચ દિવસથી રાજુલા–જાફરાબાદ વિસ્તારમાં ખેડૂતો ડીઝલ માટે ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ખેતીકામ માટે જરૂરી ડીઝલ મેળવવા ખેડૂતોને એક કિલોમીટર સુધી લાંબી લાઈનમાં ઊભા રહેવું પડે છે. ૪૦ ડિગ્રી જેટલા કડકડતા તાપમાન વચ્ચે કલાકો સુધી રાહ જોવી પડે છે છતાં પૂરતું ડીઝલ મળતું નથી. જેના કારણે ખેતર તૈયાર કરવું, રોટાવેટર અને અન્ય ખેતીકામ પર સીધી અસર પડી રહી છે.

રાજુલા–સાવરકુંડલા હાઈવે પર મોટી સંખ્યામાં ખેડૂતો ભેગા થયા હતા અને ટ્રેકટરો આડા મૂકી ચક્કાજામ કર્યો હતો. થોડીવાર માટે વાહન વ્યવહાર સંપૂર્ણ પ્રભાવિત થયો હતો અને અન્ય વાહનચાલકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. ખેડૂતો દ્વારા સરકાર અને તંત્ર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

ખેડૂત મનુભાઈ નકુમએ જણાવ્યું હતું કે, "ખાતર લેવા જઈએ તો લાઈનમાં ઉભા રહેવું પડે અને હવે ડીઝલ માટે પણ લાઈનમાં ઊભા રહેવું પડે છે. સવારે ચાર વાગ્યાથી લાઈનમાં છીએ છતાં બે હજાર રૂપિયાનું જ ડીઝલ આપે છે. ખેડૂતો ખેતી કરે કે આખો દિવસ લાઈનમાં ઊભા રહે ?"

ખેડૂત વાલજીભાઈએ જણાવ્યું કે, "જૂન મહિનો નજીક છે અને ચોમાસા પહેલા ખેતીની તૈયારીઓ બાકી છે. છતાં ખેડૂતોને પૂરતું ડીઝલ મળતું નથી, જયારે ખાનગી કંપનીઓ અને ટ્રાન્સપોર્ટરને સરળતાથી ડીઝલ મળી રહ્યું છે."

સરકાર અને અધિકારીઓ તરફથી ડીઝલની અછત ન હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ હકીકતમાં પેટ્રોલપંપો પર અફરાતફરી જેવી સ્થિતિ જોવા મળી રહી છે જેને કારણે ખેડૂતોમાં ભારે નારાજગી ફેલાઈ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૨૦૦ | ૧૩૫૧ |
| ૨ | ઘઉં | ૪૪૮ | ૪૫૭ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૫ |
| ૪ | તુવેર | ૧૨૦૦ | ૧૪૬૬ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૧ | ૨૦૩૫ |
| ૬ | તલ કાળા | ૨૮૨૧ | ૨૮૨૧ |
| ૭ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૮ | શીંગ ફાડા | ૧૭૫૦ | ૧૭૫૦ |
| ૯ | એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | બાજરો | ૩૧૦ | ૩૧૦ |
| ૧૧ | સોયાબીન | ૧૨૮૫ | ૧૨૮૫ |

## મામલતદાર અને તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી.નં. ૧૦૫/૨૦૨૬ તા.૨૧/૦૫/૨૦૨૬

વિવાદી : **શ્રી મહમદભાઈ જાફરભાઈ ગાંગાણી,**
મુ. બાબરા, તા.બાબરા, જિ.અમરેલી.
મો :–

પ્રતિવિવાદી : જન્મ/મરણ નોંધણી અધિકારી–વ–ચીફ ઓફીસરશ્રી – બાબરા નગરપાલીકા બાબરા, તા. બાબરા, જિ.અમરેલી

**–: જાહેર નોટિસ :–**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકાના બાબરા શહેરના રહીશ આ કામના અરજદારશ્રીના બહેન **યાસ્મિનબેન જાફરભાઈ ગાંગાણી** નો જન્મ તા.૦૧/૦૫/૧૯૫૮ના રોજ મોજે. લાલકા, તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય, જે તે સમયે તેમના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૦૭/૦૩/૨૦૨૬** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મનોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૦૫/૨૦૨૬ના રોજ બપોરનાં ૧૨:૦૦ કલાકે** વાંધા/તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર બાબરા**

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૪૯૦ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૩ | શીંગ નવી | ૧૨૫૦ | ૧૬૩૫ |
| ૪ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૩૬૦ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૫૦૦ |
| ૬ | જીરૂ | ૩૦૭૦ | ૩૮૬૬ |
| ૭ | કપાસ | ૧૬૦૦ | ૧૯૮૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૦૧ |
| ૧૦ | બાજરો | ૪૩૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૪૨ |
| ૧૨ | મકાઈ | – | ૪૪૦ |
| ૧૩ | મગ | ૧૫૮૦ | ૧૭૫૦ |
| ૧૪ | અડદ | ૧૪૫૦ | ૧૬૪૨ |
| ૧૫ | ચણા | ૧૦૮૦ | ૧૧૫૫ |
| ૧૬ | દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૧૭ | તુવેર | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ૧૮ | એરંડી | ૧૨૦૦ | ૧૨૬૮ |
| ૧૯ | મેથી | ૧૨૫૦ | ૧૩૨૦ |
| ૨૦ | રાય/રાયડો | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ૨૧ | ધાણા | ૨૦૦૦ | ૨૨૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરામાં એસ.ટી. ડેપોમાં

માત્રને માત્ર સોશિયલ મીડિયામાં facebook અને whatsappમાં ફોટા તથા વિડિયો મૂકી સારૂં દેખાવ માટે લોકો તેની વાહ વાહ કરે તેના માટે ઉતાવળા થઈ રહ્યા હતા પરંતુ આ આવડી મોટી આગ બહુ મોટી વિકરાલ સ્વરૂપ લઈ લેશે તેણે એવું વિચાર્યું ન હતું. નગરપાલિકાના પ્રમુખ કે ઉપપ્રમુખ તથા સદસ્યો પોતાની વાતોમાં અને ફોટા તથા વિડિયો બનાવાનુ મસગુલ રહ્યા હતા બગસરાનું મોટું ફાયર ફાઈટર તો બંધ છે અને ઘણા સમયથી ધૂળ ખાય છે ના છૂટકે અમરેલી ફાયર ફાઈટરને જાણ કરવામાં આવતા ઘટના સ્થળ ઉપર ફાયરની ટીમ દોડી આવેલ હતી ત્યાર બાદમાં ફાયર ફાઈટરની ટીમએ પોતાની કામગીરી ચાલુ કરવામાં આવી હતી પરંતુ આગ એટલી હદે વિકરાળ સ્વરૂપમાં આવી ચુકી હતી કે બે કલાકથી વધારે સમય બાદ આગ કાબુમાં આવી હતી. આ આગથી લગભગ ૨૦૦ મીટરના અંતરે એસટી ડેપોનો ડીઝલનો પમ્પ પણ હતો પરંતુ સદનશીબે આ આગ ત્યાં સુધી પહોંચી નહિ નહીતર બહુ મોટો અકસ્માત બની શકે તેમ હતો. પરંતુ ફાયર ટીમ સાથે સ્થાનિક લોકોના સહયોગથી આ વિકરાલ આગ કાબુમાં આવી હતી જોકે કોઈ જાન હાની પણ થયેલ ના હતી. જયારે આ કોટ્રાક્ટરને અહીંના લોકો દ્વારા અવાર નવાર ના પાડવા છતાં આ વુક્ષને આગ લગાડવામાં આવી હતી ડેપો મેનેજર દ્વારા આ બાબતે મોનિટરિંગ કરવું જોઈએ પરંતુ તેમાં તે પણ નિષ્ફળ ગયા હતા તો આવા પોતાની મનમાની ચલાવતા અને બેદરકારી દાખવતા કોટ્રાકટર ઉપર કડક કાર્યવાહી કરવામાં આવે અને આવા બેદરકાર કોટ્રાકટર બ્લેક લિસ્ટમાં મુકવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી હતી.

"અમરેલી એક્સપ્રેસ"
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
"અમરેલી એક્સપ્રેસ"ના પત્રકારોને વિનંતી કે, ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **મનોજભાઈ ખોડાભાઈ ભાલાળા** રહે. જશવંતગઢવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

જશવંતગઢ, તા.જિ. અમરેલી
રે. સર્વે.નં. ૨૦૭ પૈકી — સીટી સર્વે નં. ૫૮૬
બીનખેતી પ્લોટ નં. ૫૮ — જેના ચો.મી. ૩૩૪–૮૯
રજી. દસ્તાવેજ નં. ૧૮૯૪ — તારીખ : ૦૭/૦૭/૨૦૦૪

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) કરમશીભાઈ મગનભાઈ દેસાઈ (૨) રમેશભાઈ મગનભાઈ દેસાઈ પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. (૧) કરમશીભાઈ મગનભાઈ દેસાઈ (૨) રમેશભાઈ મગનભાઈ દેસાઈએ ઉપરોકત મિલ્કત સુન્ની જમાણ મસ્જિદ ટ્રસ્ટ ચિતલ (રજીસ્ટ્રેશન નં. બી–૯૫ અમરેલી)નાં પ્રમુખ દાઉદભાઈ મુસાભાઈ કાલવા પાસેથી ખરીદ કરેલ હતી.

ઉપરોકત મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૨/૦૫/૨૦૨૬
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૩૪૨ | ૪૫૧ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૪૨ | ૪૬૦ |
| ૩ | ચણા | ૯૦૫ | ૧૧૨૧ |
| ૪ | ધાણા | ૧૪૦૦ | ૨૨૫૦ |
| ૫ | રાયડો | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૮૨૫ | ૨૨૦૩ |
| ૭ | મગફળી | ૧૦૪૦ | ૧૪૩૫ |
| ૮ | જીરૂ | ૧૫૫૦ | ૩૦૦૦ |
| ૯ | સોયાબીન | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૧૦ | શીંગફાડા | ૧૧૫૦ | ૧૮૦૦ |
| ૧૧ | તુવેર | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ૧૨ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૩ | તલ કાળા | ૨૯૯૫ | ૩૨૫૦ |
| ૧૪ | લસણ | ૭૨૫ | ૭૨૫ |
| ૧૫ | એરંડી | ૮૩૫ | ૧૧૦૦ |
| ૧૬ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૭ | રાય | ૧૧૪૫ | ૧૧૪૫ |

### સાવરકુંડલા નજીક આવેલ માનવ મંદિરમાં

# અમરેલીનાં મનોચિકિત્સક વિવેક જોષીની મનોરોગી બહેનોની પ્રેરણાદાયી સેવા

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા સેવાને આવકાર







અમરેલી, તા. ૨૨

સાવરકુંડલાથી પાંચ કિલોમીટર દુર મહુવા રોડ પર કાર્યરત માનવ મંદિર આશ્રમ ખાતે ભકિતબાપુ ધ્વારા ચલાવવામાં આવતી સેવાકીય પ્રવૃતિઓની ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પત્ર લખીને પ્રશંસા કરી છે અને આ ઉમદા કાર્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. આ આશ્રમમાં રખડતી, ભટકતી અને નિરાધાર મનોરોગી માતાઓ તેમજ બહેનોને આશ્રમ આપીને તેમની નિઃશુલ્ક સેવા અને સારવાર કરવામાં આવે છે. અલગ–અલગ પ્રાંત અને ભાષા ધરાવતી આવી અસહાય બહેનોને પોલીસ ધ્વારા આ આશ્રમ સુધી પહોંચાડવામાં આવે છે, જયાં કોઈપણ પ્રકારની ફી કે ફાળો લીધા વિના તેમને નવું જીવન આપવાનો સ્તૃત્ય પ્રયાસ થઈ રહ્યો છે. આ આશ્રમમાં અમરેલીનાં મનોચિકિત્સક વિવેકભાઈ જોષી અને ચંદ્રેશભાઈ બાબરીયા પણ કોઈપણ ચાર્જ લીધા વિના પોતાની નિઃશુલ્ક તબીબી સેવાઓ આપી રહ્યા છે. અનેક સેવાભાવી લોકો ધ્વારા મળતા દાન, વસ્તુઓ અને ધનરાશિનાં સહયોગથી તેમજ લોકોની નિઃસ્વાર્થ કામગીરીનાં કારણે આ સેવાયજ્ઞ અવિરત ચાલી રહ્યો છે. આ આશ્રમની સારવારથી અનેક બહેનો રોગમુકત બનીને સમાજજીવનમાં પુનઃ પ્રસ્થાપિત થઈ છે એટલું જ નહીં, પરંતુ સંસ્થા ધ્વારા કેટલીક બહેનોના લગ્ન કરાવીને તેમનું ઘર પણ વસાવવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે માનવતાનાં આ પવિત્ર કાર્યને બિરોદાવતા પત્રમાં જણાવ્યું છે કે, ઘર–પરિવારનો ત્યાગ કરીને દેશસેવા માટે સમર્પિત જીવન જીવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવા ઉચ્ચ જીવનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે અને તેમના જેવી જ સેવાભાવનાં અહીં જોવા મળી રહી છે. મુખ્યમંત્રી ભકિતબાપુનાં આ સેવાકાર્યોની સરવાણી અવિરત વહેતી રહે તેવી અંતરપૂર્વકની શુભકામનાઓ વ્યકત કરી છે.

### ચેમ્બર ઓફ કોમર્સની રજુઆત

# લીલીયા મોટામાં પરચુરણની તંગીથી નાના વેપારીઓનો વેપાર ઘટી ગયો

### એસબીઆઈના મેનેજરને પત્ર પાઠવ્યો



અમરેલી, તા. ૨૨

લીલીયા મોટા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ તુષારભાઈ ધોરાનિયાએ એસબીઆઈના મેનેજરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, હાલ વૈશ્વિક મંદિની સ્થિતિમાં લીલીયા શહેરમાં પણ વેપાર ધંધા ખોરવાઈ ગયા છે. ત્યારે જે માંડ થોડોઘણો વેપાર થતો હોય તેમા છુટા પૈસાની ખુબ જ અછત છે. છુટા પૈસાના કારણે ગ્રાહક પાછા જાય છે તેથી વેપાર ક્રમશઃ ઘટતો જાય છે. જેથી વેપારીને જરૂર મુજબ પણ વેપાર થતો નથી.

આ પરિસ્થિતિને ધ્યાને લઈ જરૂરિયાત મુજબ રૂપિયા પાંચ, દસ અને ૨૦ની નોટ અથવા સિકકાની વ્યવસ્થા કરી આપવમાં આવે. અને લીલીયાનાં દરેક વેપારી દિઠ રૂપિયા એક–એક હજારનુ પરચુરણ આપવામાં આવે તેવી લીલીયા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા માંગ કરવામાં આવી છે.

## કુલમુખત્યારનામું ખોવાયા અંગેની જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **દેવેન્દ્રભાઈ જીવનભાઈ સરવૈયા** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી લીલીયા રોડ, શ્યામનગર
રે. સર્વે.નં. ૩૧૯/૨ પૈકી
બીનખેતી પ્લોટ નં. ૨૯/૨ ની ૫૦ ચોરસ મીટર, પ્લોટ નં. ૩૦/૧ની ૫૦ ચોરસ મીટર
જેના કુલ ચો.મી. ૧૦૦–૦૦
રજી. દસ્તાવેજ નં. ૫૮૧ — તારીખ : ૦૮/૦૨/૨૦૨૩

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ ગોગનભાઈ નાગજીભાઈ ભાલાળા પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. ગોગનભાઈ નાગજીભાઈ ભાલાળાએ પ્લોટ નં. ૨૯/૨ની મિલ્કત જયસુખભાઈ લાલજીભાઈ કાકડીયા રહે. જરખીયાનાં કુલમુખત્યા નિલેષભાઈ છગનભાઈ સાકરીયા રહે. અમરેલીવાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૪૯૮ તા. ૨૩/૦૪/૨૦૦૯નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું ખોવાયેલ હોય જે કુલમુખત્યારનામું સદરહું રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું. તેમજ પ્લોટ નં. ૩૦/૧ની મિલ્કત ગોગનભાઈ નાગજીભાઈ ભાલાળાએ કંચનબેન મધુભાઈ સુહાગીયા રહે. અમરેલીનાં કુલમુખત્યાર નિલેષભાઈ છગનભાઈ સાકરીયા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૯૯૯ તા. ૨૩/૦૪/૨૦૦૯ નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું સદરહું રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૨/૦૫/૨૦૨૬
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
**એડવોકેટ**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૫૦ | ૧૪૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૨૬ | ૨૩૭૬ |
| ૩ | તલ કાળા | ૨૩૦૧ | ૩૩૭૩ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૫૦૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૧ | ૪૮૭ |
| ૭ | જુવાર | ૪૨૩ | ૧૦૨૦ |
| ૮ | મગ | ૧૬૩૧ | ૨૨૦૧ |
| ૯ | અડદ | ૧૨૭૦ | ૧૫૫૦ |
| ૧૦ | તુવેર | ૧૨૫૧ | ૧૩૦૧ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૧૧૧૧ |
| ૧૨ | જીરૂ | ૪૦૧૨ | ૪૦૧૨ |
| ૧૩ | ધાણા | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૧૪ | મેથી | ૭૦૧ | ૧૩૦૧ |
| ૧૫ | સોયાબીન | ૧૩૬૧ | ૧૪૦૦ |
| ૧૬ | રાય | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૭ | રાજગરો | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૮ | અજમા | ૧૩૦૦ | ૧૩૦૦ |

### ૧૮ જુને ચૂંટણી, એ જ દિવસે પરિણામ

# ગુજરાતની રાજ્યસભાની ૪ બેઠકો સહિત ૨૪ સીટ માટે ચૂંટણીની તારીખ જાહેર

## ગુજરાતમાંથી રાજ્યસભાના સભ્યો રામ મોકરિયા, નરહરી અમીન, શક્તિસિંહ ગોહિલ અને રમીલાબેન બારાનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે

નવી દિલ્હી, તા.૨૨

રાજ્યસભા ચૂંટણી ૨૦૨૬ની તારીખો જાહેર થઈ ગઈ છે. ચૂંટણી પંચે દેશના ૧૦ રાજ્યોની કુલ ૨૪ રાજ્યસભા બેઠકો માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે. ચૂંટણી પંચ અનુસાર આ બેઠકો માટે ૧૮ જૂન ૨૦૨૬ના રોજ મતદાન યોજાશે અને એ જ દિવસે સાંજે ૫ વાગ્યાથી મતગણતરી હાથ ધરાશે.ગુજરાત અને મધ્ય પ્રદેશ સહિત ૧૦ રાજ્યોમાં યોજાનારી આ ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા પ્રેસનોટ અનુસાર, રાજ્યસભાના ૨૪ સભ્યોનો કાર્યકાળ જૂન અને જુલાઈ ૨૦૨૬ દરમિયાન પૂર્ણ થઈ રહ્યો છે, જેના કારણે આ બેઠકો માટે ચૂંટણી યોજાશે. ગુજરાતની ચાર બેઠકો માટે પણ ૧૮ જૂનના રોજ મતદાન યોજાશે. ગુજરાતમાંથી રાજ્યસભાના સભ્યો રામ મોકરિયા, નરહરી અમીન, શક્તિસિંહ ગોહિલ અને રમીલાબેન બારાનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે, જેના કારણે આ બેઠકો ખાલી થઈ રહી છે. ઉપરાંત જેઓનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે તેમાં કોંગ્રેસ અધ્યક્ષ, અને પૂર્વ વડાપ્રધાન જેવા દિગ્ગજ નેતાઓના નામ પણ સામેલ છે. રાજસ્થાનમાંથી રાજેન્દ્ર ગેહલોત, નીરજ ડાંગી અને રવનીત સિંહની બેઠકો પણ ખાલી થઈ રહી છે.ચૂંટણી પ્રક્રિયા મુજબ ૧ જૂન ૨૦૨૬ના રોજ સત્તાવાર નોટિફિકેશન જાહેર કરવામાં આવશે. ઉમેદવારો ૮ જૂન સુધીમાં ઉમેદવારી નોંધાવી શકશે, જ્યારે ૯ જૂને ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૧૧ જૂન નક્કી કરવામાં આવી છે.

ચૂંટણી પંચના જણાવ્યા મુજબ ૧૮ જૂને સવારે ૯ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી મતદાન યોજાશે. ત્યારબાદ એ જ દિવસે સાંજે ૫ વાગ્યાથી મતગણતરી શરૂ થશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૨૦ જૂન ૨૦૨૬ સુધી પૂર્ણ કરવામાં આવશે.આ ચૂંટણીમાં આંધ્ર પ્રદેશ, ગુજરાત, ઝારખંડ, મધ્ય પ્રદેશ, મણિપુર, મેઘાલય, રાજસ્થાન, અરુણાચલ પ્રદેશ, કર્ણાટક અને મિઝોરમની બેઠકોનો સમાવેશ થાય છે. સૌથી વધુ ચાર બેઠકો આંધ્ર પ્રદેશ અને ગુજરાતમાંથી ખાલી થઈ રહી છે. કર્ણાટકમાંથી પણ ચાર રાજ્યસભા સભ્યોનો કાર્યકાળ પૂર્ણ થઈ રહ્યો છે. ચૂંટણી પંચે સ્પષ્ટ સૂચના આપી છે કે મતદાન દરમિયાન માત્ર રિટર્નિંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલા ખાસ જાંબલી રંગના સ્કેચ પેનનો જ ઉપયોગ કરવામાં આવશે. અન્ય કોઈ પેનના ઉપયોગને મંજૂરી આપવામાં આવશે નહીં. સાથે જ ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા અને નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે નિરીક્ષકોની પણ નિમણૂક કરવામાં આવશે.રાજકીય રીતે આ ચૂંટણી ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કારણ કે રાજ્યસભામાં સંખ્યાબળ અનેક મોટા વિધેયકો અને રાજકીય વ્યૂહરચનાઓ પર સીધી અસર કરે છે. આવી સ્થિતિમાં આગામી દિવસોમાં વિવિધ રાજકીય પક્ષો ઉમેદવારોની પસંદગી અને સમર્થન એકત્રિત કરવાની પ્રક્રિયા તેજ કરી શકે છે.

### ચલાલા પોલીસે ૧૫ વર્ષ જૂનો જમીન વિવાદ સમાધાનથી પૂર્ણ કરાવ્યો



અમરેલી, તા. ૨૨

ચલાલા પોલીસ દ્વારા વધુ એક પ્રશંસનીય કામગીરી હાથ ધરવામાં આવી છે. ચલાલા પોલીસ સ્ટાફે લખાપાદર ગામે સ્થળ પર જઈ સગાભાઈઓ વચ્ચે છેલ્લા ૧૫ વર્ષથી ચાલી રહેલા જમીન વિવાદનો સુખદ અંત લાવ્યો હતો. લાંબા સમયથી ચાલતા આ વિવાદને કારણે બંને પરિવારો વચ્ચે મનદુઃખ અને તણાવનું વાતાવરણ સર્જાયું હતું.

ચલાલા પોલીસને જમીન વિવાદ અંગે જાણ થતાં પોલીસ અધિકારીઓ અને સ્ટાફે ગામે પહોંચી બંને પક્ષોને સમજાવટ કરી હતી. પોલીસ દ્વારા શાંતિપૂર્ણ માહોલમાં બંને પક્ષોની વાત સાંભળી યોગ્ય માર્ગદર્શન અને મધ્યસ્થતા કરવામાં આવી હતી. અનેક કલાકોની ચર્ચા અને સમજાવટ બાદ બંને પક્ષો સમાધાન માટે તૈયાર થયા હતા.

પોલીસની હકારાત્મક ભૂમિકાના કારણે વર્ષોથી અટવાયેલો વિવાદ આખરે શાંતિપૂર્ણ રીતે ઉકેલાયો હતો. બંને પરિવારો દ્વારા પણ પોલીસની કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી. ગ્રામજનોએ જણાવ્યું હતું કે પોલીસ માત્ર કાયદો અને વ્યવસ્થા જ નહીં પરંતુ સમાજમાં સુમેળ અને શાંતિ જળવાઈ રહે તે માટે પણ મહત્વપૂર્ણ કામગીરી કરી રહી છે.

ચલાલા પોલીસની આ કામગીરી વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે અને લોકો દ્વારા પોલીસના પ્રયાસોને બિરદાવવામાં આવી રહ્યા છે.

### ઉર્જામંત્રી કૌશિક વેકરીયાની દરમિયાનગીરીથી

# વડિયાના સુરગપરા વિસ્તારમાં વર્ષો જુની 'લો વૉલ્ટેજ'ની સમસ્યાનો અંત

## સ્થાનિક વિસ્તારમાં ખુશીનો માહોલ



વડિયા, તા. ૨૨

વડિયા શહેરમાં આવેલ સુરગપરા વિસ્તારની પટેલ લાઈનમાં છેલ્લા ઘણા વર્ષોથી સ્થાનિક રહીશો લો-વોલ્ટેજની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. લાંબા સમયથી લટકતા આ જટિલ પ્રશ્નનું આખરે સુખદ નિરાકરણ આવતા સમગ્ર પંથકના લોકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, સુરગપરાની પટેલ લાઈન વિસ્તારમાં લો-વોલ્ટેજના કારણે ટીવી, ફ્રિજ, પંખા અને પાણીની મોટર જેવા ઘરવપરાશના વીજ ઉપકરણો બરાબર ચાલતા ન હતા, જેના લીધે લોકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ બાબતે અગાઉ સ્થાનિકો દ્વારા તંત્ર સમક્ષ અનેક રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ યોગ્ય પરિણામ ન મળતા લોકો હતાશ થઈ ગયા હતા અને રજૂઆતો કરવાનું પણ છોડી દીધું હતું.તાજેતરમાં આ સળગતી સમસ્યા અંગે સ્થાનિક આગેવાનોએ આ બાબત રાજયના મંત્રી કૌશિકભાઈ વેકરિયા સમક્ષ રજૂ કરી હતી. વીજ કંપનીના અધિકારીઓને યુદ્ધના ધોરણે કામગીરી કરવા કડક સૂચના આપી હતી. જેના ફળ સ્વરૂપે, તંત્ર દ્વારા તાબડતોબ પટેલ લાઈન વિસ્તાર માટે એક તદ્દન નવું જ ટીસી (ટ્રાન્સફોર્મર) ઊભું કરી દેવામાં આવ્યું છે. નવું ટીસી કાર્યરત થતાં જ આ વિસ્તારમાં લો-વોલ્ટેજનો વર્ષો જૂનો પ્રશ્ન જડમૂળથી ઉકલી ગયો છે અને હવે પૂરતા પ્રેસરથી વીજ પુરવઠો મળતો થયો છે.




### એમ.કોમ. સેમ - ૧ની યુનિવર્સિટી પરીક્ષામાં

# અમરેલી : શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.કોમ. મહિલા કોલેજનુ ૧૦૦ ટકા પરિણામ

## ઉપાસના સાળુંકે, નસીમા શાહ અને ઉર્વી સાંગાણી અગ્રેસર







અમરેલી, તા. ૨૨

અમરેલી ખાતે કાર્યરત શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.કોમ. મહિલા કોલેજનુ તાજેતરમાં યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એમ.કોમ. સેમ-૧ પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ આવેલ છે.

કોલેજની વિદ્યાર્થીનીઓ ઉપાસના સાળુંકે, નસીમા શાહ અને ઉર્વી સાંગાણી અગ્રેસર રહ્યા છે તમામ વિદ્યાર્થીનીઓને ટ્રસ્ટીઓ અને સ્ટાફગણે શુભકામના પાઠવી છે.

### પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજનાનો લાભ

# ધારી : એસબીઆઈ બેંક દ્વારા મૃતકનાં વારસદારને રૂા. ૨ લાખનો ચેક અર્પણ

## જનકલ્યાણકારી ભાવનાનો ઉત્તમ દાખલો સામે આવ્યો છે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૨

ધારી નિવાસી વિનુબેન અલ્પેશભાઈ કુકવાવાનું બીમારી સબબ દુઃખદ અવસાન થયું હતું. તેમણે અગાઉ State Bank Of Indiaની ધારી શાખાનાં Csp Centre પર પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના હેઠળ વીમો લીધો હતો. આ યોજના હેઠળ તેઓ દર વર્ષે માત્ર રૂા. ૪૩૬નું પ્રીમિયમ બેંક મારફતે ભરતા હતા.વિનુબેનનાં અવસાન બાદ તેમના વારસદાર અલ્પેશભાઈ શંભુભાઈ કુકવાવાને વીમા સહાય ઝડપથી મળી રહે તે માટે એસબીઆઈ ગ્રાહક સેવા કેન્દ્રનાં આરતીબેન વાળાએ જરૂરી દસ્તાવેજોની કાર્યવાહી પૂર્ણ કરી Sbi Bm દ્વારા ઝડપી કાર્યવાહી પૂર્ણ કરવામા આવી હતી. પરિણામે માત્ર ૨૨ દિવસની ટૂંકી અવધિમાં જ વીમાની રૂા. ૨ લાખની સહાય મંજૂર થઈ હતી.ધારી એસબીઆઈ બેંકનાં મેનેજરનાં હસ્તે અલ્પેશભાઈ કુકવાવાને રૂા. ૨ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બેંક સ્ટાફ તેમજ સી.એસ.પી. સંચાલક આરતીબેન વાળા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ખૂબ જ ઓછી પ્રીમિયમ રકમમાં પરિવારોને આર્થિક સુરક્ષા મળતી હોવાથી વધુમાં વધુ લોકોએ આવી જનહિતકારી યોજનાઓનો લાભ લેવો જોઈએ.

### પુ. ભકિતરામબાપુ અને પુ. રવિરામબાપુ

# અમરેલી ખાતે મહાત્મા મુળદાસજીની ચેતન સમાધીએ દર્શન માટે પધાર્યા

## ડો. દેશાણી સહિતનાં ભકતો સાથે જોડાયા




અમરેલી, તા. ૨૨

અમરેલીનાં ટાવર રોડ ખાતે આવેલ સંત પુ. મુળદાસજીની ચેતન સમાધીએ આજે માનવ મંદિરના ભકિતરામબાપુ અને રાભડાવાળા પુ. રવિરામ બાપુ પધાર્યા હતા.


આ તકે એએમપીનાં અગ્રણી ડો. કિરીટ દેશાણી સહિતનાં ભકતો સાથે જોડાયા હતા.

પ્રસિધ્ધ કથાકારો પૂજય ભકિતરામ બાપુ - માનવ મંદિર સાવરકુંડલા અને પૂજય રવિરામબાપુ રાભડા વાળા મહાત્મા મુળદાસજીની ચેતન સમાધિ દર્શને પધાર્યા. તા. ૨૨/૫/૨૬ શુક્રવારે સવારે ૧૧:૩૦ કલાકે.






# અમરેલી ખાતે યોજાયેલ સમર યોગ કેમ્પમાં ૫૦૦ બાળકો ઉત્સાહભેર જોડાયા



રાજય સરકાર દ્વારા રચાયેલ ગુજરાત રાજય યોગ બોર્ડનાં માર્ગદર્શન હેઠળ તા. ૧૬ મે, ૨૦૨૬થી તા. ૩૦ મે, ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજયમાં સમર યોગ કેમ્પ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આઅભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં કુલ ૪ કેન્દ્રો પર નિઃશુલ્ક યોગ કેમ્પો યોજાઈ રહ્યા છે, જેમાં આશરે ૫૦૦ જેટલા બાળકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. સમર યોગ કેમ્પ અંતર્ગત બાળકોને યોગાસન, પ્રાણાયામ, ધ્યાન તેમજ રમતગમત સાથે સંકળાયેલી વિવિધ શારીરિક પ્રવૃત્તિઓનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. સાથે જ યોગ્ય આહાર, શિસ્તબદ્ધ દિનચર્યા અને સ્વસ્થ જીવનશૈલી અંગે પણ બાળકોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. યોગનાં નિયમિત અભ્યાસથી બાળકોમાં એકાગ્રતા, સ્મરણશક્તિ, આત્મવિશ્વાસ અને સકારાત્મક વિચારોનો વિકાસ થાય તેવા હેતુસર આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લામાં ગાંધીબાગ, અમરેલી ખાતે શર્મિષ્ઠાબેન રાવલ, કમલેશભાઈ રાવલ અને સોનુ ડોડીયાના સંચાલનમાં યોગ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. બાલમુકુન્દ હાલ, અમરેલી ખાતે અનિતાબેન રામાણી, માંડલિયા સુમિતા અને કોટડીયા અસ્મિતાના માર્ગદર્શન હેઠળ બાળકો યોગ તાલીમ મેળવી રહ્યા છે. ધારી સ્થિત યોગી વિઝન સ્કૂલ ખાતે હીનાબેન રાવલ, એકતાબેન પટેલ અને હેતલબેન દવેનાં સંચાલનમાં કેમ્પ ચાલી રહ્યો છે. તેમજ રાજુલાનાં ગાયત્રી મંદિર, કૃષ્ણ સોસાયટી ખાતે દિપાબેન તેરૈયા, ઉર્મિલાબેન અને ચેતનાબેન મહેતાના માર્ગદર્શન હેઠળ યોગ કેમ્પ યોજાઈ રહ્યો છે. કેમ્પ દરમિયાન બાળકોને ચિત્રપોથી, કેપ, યોગ પુસ્તક તેમજ એનર્જી ડ્રિંક જેવી ઉપયોગી સામગ્રી પણ આપવામાં આવી રહી છે. ઉપરાંત, સમર યોગ કેમ્પ પૂર્ણ થયા બાદ ભાગ લેનાર તમામ બાળકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. સમર યોગ કેમ્પનો મુખ્ય હેતુ બાળકોમાં નાની ઉંમરથી જ યોગ પ્રત્યે જાગૃતિ લાવવાનો, સારા સંસ્કારોનું સિંચન કરવાનો તેમજ સ્વસ્થ, સજાગ અને સંસ્કારી પેઢીના નિર્માણનો છે. આ પ્રકારનાં આયોજનથી બાળકોનાં સર્વાંગી વિકાસને નવી દિશા મળી રહી છે.

મેડિક્લેઈમ સુવિધા તથા GSRTC (ST) માન્ય હોસ્પિટલ
આયુષ્માન કાર્ડ અને PGVCL ના કર્મચારીઓ માટે કેશલેસ સારવાર ઉપલબ્ધ
કાર્યરત વિભાગો
યુરોલોજી વિભાગ (કિડની - પથરી - પ્રોસ્ટેટ)
ગાયનેક અને આઈ.વી.એફ વિભાગ (સ્ત્રી રોગ)
મેડીસીન વિભાગ (ફિઝિશિયન)
બાળરોગ વિભાગ (પીડીયાટ્રીક્સ)
આંખ વિભાગ
ઈ.એન.ટી વિભાગ (કાન-નાક-ગળા)
ઓર્થોપેડિક વિભાગ (હાડકા-સ્નાયુ-સાંધા)
જનરલ સર્જરી વિભાગ
ડાયાલિસીસ વિભાગ
લેબોરેટરી વિભાગ
આયુર્વેદ વિભાગ
ફિઝીયોથેરાપી વિભાગ
24/7 Emergency Services
GUVNL
NABH
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust-Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૯૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## જિલ્લા પુરવઠા અધિકારીનુ નિવેદન

# અમરેલી જિલ્લામાં પેટ્રોલ ડીઝલનો પુરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે

### અફવાથી દુર રહેવા અનુરોધ કર્યો

અમરેલી, તા. ૨૨

હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લાના નાગરિકોને જાણ કરવામાં આવે છે કે, જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપ પર જરૂરીયાત મુજબ પેટ્રોલ તથા ડીઝલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને તેની સપ્લાય પણ નિયમિત રીતે ચાલુ છે. નાગરિકોએ સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો મારફતે ફેલાતી અફવાઓથી દૂર રહેવું તથા કોઈપણ રીતે પેટ્રોલ તથા ડીઝલના જથ્થાની જરૂરિયાત વિના સંગ્રહ ન કરવો તેમ જિલ્લા પુરવઠા અધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

## રાની પશુઓની માનવ વસાહતમાં અવરજવર વધી

# વડિયાનાં સદ્‌ગુરૂનગર વિસ્તારમાં દીપડાનાં આંટા ફેરાથી ભારે ફફડાટ

### અંધારપટનાં લીધે સ્થાનિકોમાં ભય



વડિયા, તા. ૨૨

વડિયાનાં બરવાળા બાવળ રોડ પર આવેલા સદગુરૂ નગર વિસ્તારમાં દીપડાએ દેખા દેતાં સમગ્ર પંથકમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો છે. આ વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટી નજીક જ રાત્રીનાં સમયે દીપડો આવી ચડતાં સ્થાનિક રહીશોમાં દોડધામ મચી ગઈ હતી. સ્થાનિકોનાં જણાવ્યા અનુસાર, દીપડો અહીં રખડતાશ્વાન (કૂતરા)નો શિકાર કરવાની ફિરાકમાં આવ્યો હતો. ઝૂંપડાની સાવ નજીક જ દીપડાને જોઈ જતાં લોકો ગભરાઈને ઘરની બહાર રસ્તા પર દોડી આવ્યા હતા. જોકે, લોકોની અવરજવર અને દેકારો જોઈને દીપડો ત્યાંથી આઈટીઆઈ તરફ પલાયન થઈ ગયો હતો, જેથી એક મોટી જાનહાની ટળી હતી. પરંતુ દીપડાની આ વિસ્તારમાં હાજરીને કારણે લોકો હવે રાત્રે બહાર નીકળતા પણ ડરી રહ્યા છે.

સ્થાનિક રહીશોએ તંત્ર સામે ભારે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, સદગુરૂ નગર વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટોનાં અભાવે ઘોર અંધારપટ છવાયેલો રહે છે, જેના કારણે દીપડા જેવા હિંસક વન્યજીવોનો ખતરો વધુ વધી જાય છે. આ બાબતે સ્થાનિક લોકો દ્વારા અવારનવાર ગ્રામ પંચાયતને લાઈટો નાખવા અંગે લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. અંધારાનો લાભ લઈને દીપડો ગમે ત્યારે ફરી ત્રાટકી શકે છે. તેવી ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિકોએ વન વિભાગને તાત્કાલિક આ વિસ્તારમાં પાંજરૂ મૂકી દીપડાને પાંજરે પૂરવા અને ગ્રામ પંચાયતને સત્વરે સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા ઉગ્ર માંગ કરી છે.

## એસ.પી.નાં માર્ગદર્શનતળે કાર્યવાહી

# અમરેલીમાં ખૂનની કોશિષનાં ગુન્હાનાં આરોપીને સિટી પોલીસે ઝડપી લીધા

### ૪ આરોપીઓ ધરપકડથી બચવા નાસતા–ફરતા હતા



અમરેલી, તા. ૨૨

અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૯ (૧), ૧૧૭(૨), ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૩(૫) તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબનો ગુનો રજી. થયેલ હતો. જે ગુનામાં સંડોવાયેલ અમરેલીમાં રહેતા સોહિલ ઉર્ફે ચચી ઈબ્રાહીમભાઈ રાઠોડ, સલીમ ઉર્ફે છનો ઈબ્રાહીમભાઈ રાઠોડ, સીરાજભાઈ ઈબ્રાહીમભાઈ રાઠોડ તથા અજમલ ઉર્ફે અજુ અસરફભાઈ રાઠોડ સહિત ૪ આરોપીઓ ગુનો આચરી પોલીસ ધરપકડથી બચવા નાશી ગયેલ હોય જેને પકડવા માટે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. એમ.એમ. ઝાલાના માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા ઉપરોકત ગુનાના ચારેય આરોપીઓને ટેકનિકલ સોર્સ તેમજ હ્યુમન સોર્સની મદદથી ગણતરીની કલાકોમાં જ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## ઉર્જામંત્રી કૌશિક વેકરિયાનાં ''સ્વચ્છ અમરેલીનાં સંકલ્પ''ને સાકાર કરવા

# અરે વાહ : અમરેલી પાલિકાનાં નવનિયુકત પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયાએ સફાઈની ગામગીરીની સરપ્રાઈઝ ચકાસણી કરી

### શહેરનાં જુદા–જુદા વિસ્તારમાં ચાલતી સફાઈ કામગીરીને લઈને માર્ગદર્શન આપેલ



અમરેલી, તા. ૨૨

શહેરને સ્વચ્છ, સુંદર અને વ્યવસ્થિત બનાવવાના મંત્રી કૌશિક વેકરીયાના સંકલ્પને હવે નવો વેગ મળતો જોવા મળી રહ્યો છે. ''આપણું અમરેલી, સ્વચ્છ અને સુંદર અમરેલી''ના સૂત્ર સાથે અમરેલી નગરપાલિકાના નવ નિયુકત પ્રમુખ વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળીયા દ્વારા આજે શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલી સફાઈ કામગીરીની સરપ્રાઈઝ વિઝિટ કરવામાં આવી હતી.

જાહેર રોડ–રસ્તા તેમજ ધાર્મિક સ્થળોએ પહોંચીને પ્રમુખે સફાઈ વ્યવસ્થાની જાતે ચકાસણી કરી હતી અને સ્થાનિક લોકો પાસેથી સફાઈ અંગેના પ્રતિસાદ પણ મેળવ્યા હતા. શહેરમાં સ્વચ્છતા વધુ મજબૂત બને તે માટે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન નગરપાલિકાના એસ.આઈ. આનંદભાઈ ઠાકર, સુપરવાઈઝર હરેશભાઈ ભંડેરી તેમજ એજન્સી સુપરવાઈઝર પરેશભાઈ અને વિશાલભાઈ હાજર રહ્યા હતા. સફાઈ કામદારો સાથે પણ ચર્ચા કરી જરૂરી સાધનો અને સુવિધાઓ અંગે માહિતી લેવામાં આવી હતી.

અમરેલી શહેરને સ્વચ્છતા અને સુવિધાના નવા ધોરણો તરફ આગળ વધારવા માટે નગરપાલિકા હવે એકશન મોડમાં જોવા મળી રહી છે.

## ગાંધીના ગુજરાતમાં દારૂની હેરફેર શરમજનક

# સાવરકુંડલા ખાતેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૮૩૧ બોટલ ઝડપી લેવાઈ

### પોલીસે ૨ ઈસમો વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા ગામે આવેલ કાપેલધાર વિસ્તારમાં લીજજત પાપડવાળી શેરીમાં રહેતાં શિલ્પેશભાઈ ઉર્ફે શિલ્પો બાલુભાઈ વાળા નામનાં ઈસમે ગત તા. ૨૧ના રોજ સાંજે ૭ વાગ્યાનાં સમયે ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ.ની કંપની રીંગપેક બોટલ નંગ–૭૯૨ કિંમત રૂપિયા ૧,૩૪,૬૪૦ તેમજ ભારતીય બનાવટની વિદેશી દારૂની બીજી બ્રાંડની ૧૮૦ એમ.એલ.ની કંપની રીંગપેક પ્લાસ્ટીકની બોટલ નંગ–૩૯ કિમત રૂપિયા ૩૫૧૦ એમ કુલ–૮૩૧ની કુલ કિંલ રૂપિયા ૧,૩૮,૧૫૦ મુદ્દામાલ સાથે ઝડપી લઈ પોલીસે પુછપરછ કરતાં તે આ મુદામાલ સુરત ખાતે રહેતાં આરોપી યશ પટવા પાસેથી મેળવ્યાનું જણાવતાં પોલીસે બંને આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

## ઘોર બેદરકારી અને અણસમજ પ્રકાશમાં આવી

# બગસરામાં એસ.ટી. ડેપોમાં બની રહેલ વર્કશોપનાં કોન્ટ્રાકટરે કપાયેલ વૃક્ષ સળગાવતા દોડધામ

### મહામુસીબતે ફાયર ટીમે આગ પર કાબુ મેળવ્યો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૨૨

બગસરા નગરપાલિકાના પ્રમુખ સત્તાધીશો આગ ભુજાઓમાં નિષ્ફળ જતા અમરેલીથી ફાયર ફાઈટર મંગાવી આગ કાબુમાં લેવામાં આવી હતી.

ગઈ કાલના રાત્રી દરમિયાન બગસરા એસટીડેપો ડેપોમાં ચાલી રહેલ અંદાજે ૪ કરોડના ખર્ચે વર્કશોપ બની રહેલ છે. તે કામની જગ્યા ઉપર કોટ્રાક્ટરની ઘોર બેદરકારી અને અણસમજના કારણે આગ લાગી હતી. જયારે આગ લાગતા આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરતા લોકોમાં અફરા તફરી મચી ગઈ હતી. આ આગની જવાળા ૧૫ થી ૨૦ ફૂટ ઉંચી ઉડતા આજુબાજુના રહેવાશીમાં ભયનું વાતાવરણ ઉભું થયું હતું.

મળતી વિગત અનુસાર હાલમાં ચાલી રહેલ બગસરા એસટી ડેપોમાં વર્ક શોપનું કામ ચાલી રહેલ છે તેના કોટ્રાક્ટર દ્વારા કપાયેલ વુક્ષને આગ લગાડવામાં આવતા જોત જોતામાં આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, ત્યાર બાદ તત્કાલ બગસરા પાલિકાના ફાયર ફાઈટર તેમજ આગ કાબુમાં આવતા ચૂંટાયેલા નગરપાલિકાના સદસ્યો પ્રેક્ષકોની માફક ઉભા ઉભા જોતા રહ્યા હતા પરંતુ કોઈ રસ્તો ન નીકળતા ના છૂટકે

અનુસંધાન પાના ૬ ઉપર

રાજકોટ સીટીમાં–૨ (બે) ફલેટ વેચવાના છે
2 BHK ફલેટ, B-1101, ''સીટી કલાસીક''
વસંતવાટીકા નજીક, અંબીકા ટાઉનશીપ, મવડી-રાજકોટમાં
કારપેટ એરીયા : 600 Sqft Apx
કિંમત : ૩૧,૩૧,૦૦૦/- માં જ...
પ્લસ મેન્ટેન્સ & ટ્રાન્સફર ફી
સંપર્ક : 88667 10121 / 94277 44641
2 BHK ફલેટ, ફુલ્લી ફર્નીસ્ડ, ૧૦૨, એકલવ્ય એપાર્ટમેન્ટ, અમીનમાર્ગ રાજકોટમાં
કારપેટ એરીયા : 670 Sqft Apx
કિંમત : ૫૫,૫૫,૦૦૦/-
સંપર્ક : 96624 58777

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. ઉત્સવ ડી. ઉનડકટ ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ હૃદયરોગ નિષ્ણાંત
તા. ૨૪/૦૫/૨૦૨૬, રવિવારે, સવારે ૯ થી ૫
ડો. કલ્પેશ બજાણીયા ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
તા. ૨૩/૦૫/૨૦૨૬, શનિવારે, સવારે ૧૦ થી ૧૨
(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ)
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ)

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
• Liaisonig Officer - 1
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
• Reporting Manager - 1
• Sales Co - Ordinator - 1
• Trainer - 1
Location : Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)